

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**


**સરપરસ્ત**



**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-8, July-2026**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૫



**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com**



- **ઉઘડતે પાને**

  હિદાયત: હઝરત અશ્મૂઈલ (અ.) અને.............. 3
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

- **તંત્રી લેખ**

  **ઈમામ હુસૈન (અ.) મક્કામાં .. ..................... 7**
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા

- **કુરઆન અને હદીસ**

  **કુરઆન શિક્ષણ...................................... 9**
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

  **ગુરરુલ હિકમ........................................ 11**
  -જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી

  **નહ્જુલ અસરાર.................................... 15**
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા

- **તરીકત**

  **મશાયખવાણી ..................................... 19**
  -હઝરત પીર મશાયખ (રહ.)

- **અદબિયાત**

  **મીર અનીસના મરસિયા........................... 23**

- **તારીખ અને ભૂગોળ**

  **સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.) .............. 27**
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

  **અલ ઈર્શાદ........................................... 31**
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

- **અખ્લાક**

  **મિસ્બાહુશ્શરીઆ.................................. 37**
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
  હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)

  **તહ્ઝીબુલ ઈસ્લામ................................ 39**
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

  **આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન...... 41**
  -મોમિન સખાવતઅલી સુણસરા

- **દુઆ અને મુનાજાત**

  **ઈબાદાત ............................................ 45**

- **અન્ય**

  **વ્યક્તિ વિશેષ – હઝરત અકીલ (અ.)ના ફરઝંદો.. 47**
  -મૌલવી મોહંમદઅલી ભગત

  **આપણા ઘરની વાતો............................... 49**

  **'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ................ 49**

હિદાયત:

# હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

أَعُوذُ بِاللهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

**طالوت نے ملک کی باگ ڈور سنبھال لی**

હવે રાજપાટ સંભાળી લીધું.

طالوت نے لشکر کی قیادت کا بیڑا اٹھایا۔ انہوں نے تھوڑی ہی مدّت میں امور سلطنت کی انجام دہی اور فوج کی تنظیم نو کے سلسلے میں اپنی صلاحیتوں کا لوہا منوالیا۔

એટલે લોકો માની ગયા કે આ ખરેખર લાયક છે.

پھر آپ نے فوج کو دشمن سے مقابلے کی دعوت دی۔

હવે તૈયાર કરી દીધી ફોજને અને દાવત આપી કે હવે દુશ્મનથી મુકાબલો કરવા માટે તૈયાર થઈ જાઓ.

دشمن نے ان کی ہر چیز کو خطرے سے دو چار کر رکھا تھا۔

એટલે દુશ્મનો જે પણ હતા તેમના એ બધા લોકો તાલૂત વિષે જાણી ચૂકયા હતા અને તેમનાથી ખતરો તેમને મનમાં અનુભવાતો હતો.

طالوت نے تاکید کرتے ہوئے کہا: "میرے ساتھ وہ لوگ چلیں جن کی ساری توجہ جہاد پر مرکوز رہ سکے۔

એવા જ લોકો મારી સાથે આવે કે જે પૂરું ધ્યાન જિહાદ ઉપર આપી શકે.

جن کی صحت ناقص ہو اور جو درمیان ہی میں ہمّت ہار بیٹھنے والے ہوں، اس جنگ میں شرکت نہ کریں۔"

જે સ્વસ્થ નથી અને વચ્ચેથી જ જેઓ હિંમત હારી જવાના છે, તે મારી સાથે ન આવે.

بہت جلد ظاہراً ایک کثیر تعداد اور طاقتور فوج جمع ہو گئی،

જાહેરમાં જે ઘણી મોટી તાદાદવાળી અને શકિતશાળી હતી, જાહેરમાં દેખાતી હતી, એવી ફોજ તૈયાર થઈ ગઈ.

اور وہ دشمن کی طرف چل پڑے۔

ફોજે આગળ કૂચ કરી.

سورج کی تپش تھی۔ گرمی میں چلتے چلتے انہیں سخت پیاس لگ گئی۔

રસ્તામાં ગરમ તડકામાં આ ફોજને તરસ લાગી.

طالوت خدا کے حکم سے انہیں آزمانا چاہتے تھے۔

એક આઝમાઈશ આવી.

એટલે ફોજમાં કાટછાંટ કરી કે, આ લોકો આવી શકે, આ લોકો ન આવી શકે.

طالوت نے دیکھا کہ ان کی فوج کی اکثریت بے ارادہ اور کمزور عہد وپیمان کی حامل ہے اور اس میں تھوڑے سے صاحب ایمان افراد موجود ہیں۔ انہوں نے بے قاعدہ اور نافرمان اکثریت کو چھوڑ دیا اور انہی کم تعداد صاحب ایمان کو ساتھ لیا اور شہر سے گزر کر میدان جہاد کی طرف پیش قدمی جاری رکھی۔

જે મોટી ફોજ હતી તે નાની બની ગઈ અને આગળ કૂચ કરી રહી છે.

طالوت کی فوج نے اپنی کم تعداد دیکھی تو پریشان اور وحشت زدہ ہوئی۔

પોતાની સંખ્યા જોઈ તો ડરી ગયા.

فوجیوں نے ان سے کہا: ''ہم میں تو اس طاقتور فوج کا مقابلہ کرنے کی سکت نہیں ہے۔''

તાલૂતથી કહેવા લાગ્યા કે, આટલી ઓછી સંખ્યા છે, હવે તો કઈ રીતે મુકાબલો કરીશું?

لیکن کچھ ایسے بھی تھے جن کا دل خدا کی محبت سے معمور تھا۔

પરંતુ થોડાક એવા પણ લોકો હતા જે અલ્લાહની મોહબ્બતમાં બિલકુલ લબરેઝ હતા.

وہ دشمن کی فوجی کثرت و قوت اور اپنی تھوڑی تعداد پر ہراساں نہ ہوئے،

તેઓ ડર્યા નહીં,

اور کمال شجاعت سے طالوت سے کہنے لگے:

અને બહાદુરીથી તાલૂતને કહેવા લાગ્યા,

ان کی تطہیر بھی کرنا چاہتے تھے۔

પાક–સાફ છે કે નહીં એ પણ જોવા માગતા હતા તેમને.

انہوں نے کہا: ''جلد تمہارے راستے میں ایک نہر آئے گی۔

કોઈ એક નહેર આવવાની છે.

اس کے ذریعے خدا تمہارا امتحان لے گا۔ جو لوگ اس میں سے سیر ہو کر پانی پئیں گے ان کا مجھ سے کوئی تعلق نہیں، البتہ جو تھوڑا سا پانی پئیں گے وہ میرے ساتھی ہیں۔''

એ નહેરમાંથી જે લોકો પેટ ભરીને પાણી પી લેશે, એ મારામાંથી નથી, તેઓ પાછા ઘેર ચાલ્યા જાય; અને જે લોકો ફક્ત — કુરઆન શરીફમાં છે કે — એક ગુર્ફા, એટલે કે એક ચુલ્લુ ભરીને પાણી પીએ તે જ મારી સાથે રહે.

ان کی نظر نہر پر پڑی تو وہ بہت خوش ہوئے۔ جلدی سے وہاں پہنچے۔ خوب سیر ہو کر پانی پیا۔

જે જાહેરમાં ઘણીબધી ફોજ જમા થઈ ચૂકી હતી, તે લોકોએ નહેર જોઈ અને તાલૂતની વાત ભૂલી ગયા, અને જલ્દી જલ્દી ગયા અને પાણી પી લીધું.

تھوڑے سے فوجی اپنے عہد وپیمان پر قائم رہے۔

ફક્ત થોડા જ ફોજી હતા જેમણે થોડું પાણી પીધું હતું, તો એ ફોજ એક જ ક્ષણમાં જાણે બિલકુલ એક ટકા બચી હશે, અલ્લાહ જાણે.

### طالوت نے اپنی فوج کو چھانٹا

હવે તાલૂતે જોયું કે આવી પરિસ્થિતિ છે,

کارزار ہوئے۔ ان لوگوں نے درگاہ الٰہی سے شکیبائی اور کامیابی کی دعا کی۔

દુઆ કરીને એ ઓછી સંખ્યાવાળી ફોજ આગળ વધી.

جنگ کی آگ بھڑک اٹھی۔ جالوت اپنا لشکر لے کر باہر نکلا۔

જાલૂત, જે જાલિમ હતો, જેણે બની ઈસરાઈલની જમીન પર કબજો કરી લીધો હતો, અને તેમને હેરાન કરતો હતો. જે જાલૂત છે એ દુશ્મનનું નામ છે, તાલૂત છે એ બની ઈસરાઈલની મોમિન ફોજના સરદાર છે. તાલૂત અને જાલૂતમાં તમે ગૂંચવણમાં ન પડી જતા. જાલૂત છે એ દુશ્મન છે અને તે પણ કદકાઠીમાં તાલૂત જેવો જ છે, અથવા એમના કરતાં પણ વધારે ભારે રાક્ષસ જેવો લાગતો હતો; અને તાલૂત જે છે એ બની ઈસરાઈલની ફોજના સરદાર છે.

جنگ کی آگ بھڑک اٹھی۔ جالوت اپنا لشکر لے کر باہر نکلا۔ لشکروں کے مابین مبارز طلبی ہوئی۔

એકબીજાને જંગ પહેલાં માંગણી કરે છે કે હમલો શરૂ કરો એ રીતે મુબારિઝ તલબી થઈ.

اس کی بارعب پکار نے دلوں کو لرزا دیا۔

અને એ માંગણી જે સૌથી વધારે રોબદાર અને ડરામણો જે ફોજી હોય એ કરતો કે જેનાથી સામેવાળાના દિલ પર પ્રભાવ પડે. જાલૂતે પોતે શરૂઆત કરી. એવી ગર્જના કરી કે બધા ડરી ગયા.

میدان میں جانے کی جرأت کسی میں نہ رہی۔

"آپ جو مصلحت سمجھتے ہیں حکم دیجیے۔

આપ જે પણ મસ્લેહત અમારા માટે સમજો છો, અમને હુક્મ કરો.

ہم ہر مقام پر آپ کا ساتھ دیں گے اور ان شاء اللہ کم تعداد کے باوجود دشمن سے جہاد کریں گے،

આવી સાંત્વના અને આશ્વાસન આપ્યું.

کیونکہ یہ تو کئی مرتبہ ہو چکا ہے کہ کم تعداد خدا کے ارادہ ومشیت کے سہارے کثیر تعداد پر غالب آئی ہے،

આવું ઘણી વાર થયું છે કે ઓછી સંખ્યાવાળા મોટી સંખ્યા ઉપર વિજય પામ્યા છે, આ કોઈ નવી વાત નથી.

اور خدا استقامت و پامردی دکھانے والوں کے ساتھ ہے۔"

જેઓ સાબિતકદમી દેખાડે છે તેના સાથે જ અલ્લાહ છે, જેઓ ડરી જાય છે તેમની સાથે અલ્લાહ નથી.

### داوود نے جالوت کو مار ڈالا

હવે, અહીંયાં અચાનક દાવૂદ નામના એક છોકરાની વાત આવી છે. આપણે હજુ સુધી જાણ્યું નથી, મેં કીધું કે કદાચ સમકાલીન છે, આ બન્ને પયગમ્બર. હવે જોઈએ — બે રિવાયતો છે — આ દાવૂદ એ જ દાવૂદ છે જે સુલયમાન (અ.)ના પિતા હતા, પયગમ્બર હતા, કે કોઈ બીજા છે? બે રિવાયતો છે, આગળ આપણે જોઈશું, પરંતુ વધારે સંભાવના એ છે કે એ જ હશે.

طالوت ان کم تعداد اہل ایمان مجاہدین کے ساتھ آمادۂ

પહેલાં જ સંખ્યા ઓછી. હવે રાક્ષસ જેવો જાલૂત દેખાયો, અને તેણે ગર્જના કરી, તો સામનો કરવાની કોઈને હિંમત રહી નહીં.

داوود ایک کم سن نوجوان تھا۔

અહીં નવજવાન લખ્યું છે, પરંતુ સંભવ છે કે બાળક પણ હોય. નવ દસ વર્ષના કે છ સાત વર્ષના પણ હોય.

شاید وہ جنگ کے لئے بھی میدان میں نہ آیا تھا،

તેઓ જંગ માટે આવ્યા ન હતા.

بلکہ اپنے جنگجو بڑے بھائیوں اور باپ کی خدمت کے لئے چلا آیا تھا،

એ ફોજમાં તેમના પિતા હશે, અને તેમના મોટા ભાઈઓ હશે જે ફોજી બનીને આવ્યા હતા, તેમની ખિદમત માટે આ બાળક કે આ નવયુવાન આવ્યો હતો, જેનું નામ દાવૂદ હતું,

لیکن چالاک وچوبند اور قوی تھا۔

પરંતુ ઘડાયેલો હતો.

غلیل اس کے ہاتھ میں تھی۔

એક ગિલોલ તેના હાથમાં હતી.

اس کے ذریعے اس نے پتھر ایسے ماہرانہ انداز میں پھینکے کہ ٹھیک جالوت کی پیشانی اور سر میں پیوست ہو گئے۔

હજુ તો જંગ શરૂય નથી થયો. એણે ગર્જના કરી. બની ઈસરાઈલની કોમ ડરી ગઈ. આ બાળક કે નવયુવાન, જે પણ હતો, તેણે પોતાની ગિલોલથી રમતમાં પથરા લીધા અને ગિલોલ વડે જાલૂત પર ફેંકયા. નિશાનેબાજ એવો હતો કે બધા પથરાઓ કપાળમાં બે આંખો વચ્ચે પયવસ્ત થઈ ગયા. જંગ હજુ શરૂ નથી થયો અને દુશ્મનની ફોજે જોયું કે તેમનો સરદાર એક કપાયેલા વૃક્ષની જેમ પડી ગયો છે.

اس کے سپاہیوں پر وحشت اور تعجب کا عالم طاری تھا۔

બધા ડઘાઈ ગયા, હવે શું કરવું સરદાર જ ન રહ્યો!

وہ ان کے درمیان گرا اور مر گیا۔ جالوت کی موت سے اس کی فوج میں عجیب خوف وہراس پیدا ہو گیا۔ جالوت کا لشکر بھاگ کھڑا ہوا اور بنی اسرائیل کامیاب ہو گئے۔

દાવૂદ (અ.)ની ફક્ત એક ગિલોલે કામ કરી દીધું. (ક્રમશ:)




# ઇમામ હુસૈન (અ.) મક્કામાં

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

ઈમામ હુસૈન (અ.) ત્રીજી શાબાન હિ.સ.૬૦ના દિવસે મક્કામાં આવી પહોંચ્યા. જ્યારે આપ (અ.) હજની મોસમની વાટ જોઈ રહ્યા હતા, ત્યારે આપ (અ.) ભવિષ્યની કાર્યવાહી માટે વિચારવા લાગ્યા. જો આપ (અ.) મદીનામાં રહ્યા હોત, તો બેગુનાહ લોકોની કત્લેઆમ થાત, અને પોતાના વહાલા નાના રસૂલલ્લાહ (સ.)ના શહેરનો નાશ થઈ જાત. તદુપરાંત દુનિયા હંમેશાં એવું કહેત કે આપ (અ.)એ કોઈ બીજી જગ્યાએ આશરો કેમ ન લીધો?

લોકો ઉપર યઝીદની પકડ નિરંકુશ હતી, અને કોઈ પણ માણસ તેની વિરુદ્ધ કંઈ કહેતો હતો તો તેની વિરુદ્ધ નિષ્ઠુરતાપૂર્વક કામ ચલાવવામાં આવતું હતું. યઝીદ એવા નકામા લોકોની તરફેણ કરતો હતો કે જેઓ તેની ખુશામત કરતા હતા, અને તે તેમને ગવર્નર તરીકે અને મસ્જિદોમાં આગેવાન તરીકે સ્થાપી દેતો હતો. માનવ અધિકારોનો ઈરાદાપૂર્વક ઈન્કાર કરી દેવામાં આવતો હતો અને ધાર્મિક કાયદાઓનું યઝીદ દ્વારા છડેચોક ઉલ્લંઘન કરવામાં આવતું હતું. તે હંમેશાં શરાબના નશામાં ચકચૂર રહેતો હતો. જિંદગીનું કે માલ કે મિલ્કતનું કોઈ રક્ષણ ન હતું તેમ જ હુકૂમતના રાજકીય હેતુઓને સિદ્ધ કરવા માટે લૂંટમાર અને સતામણીનો નિરંકુશપણે અમલ કરવામાં આવતો હતો.

લોકો આ બાબતને લાંબો સમય સુધી સહન કરી શકયા નહીં અને સંદેશવાહકો એવું કહેતા પત્રો સાથે ઈમામ (અ.)ની પાસે આવવા લાગ્યા કે જો આપ (અ.) અલ્લાહના દીનને નાબૂદ થતાં નહીં રોકો અને તેનું રક્ષણ નહીં કરો, અને લોકોને ગુમરાહીથી નહીં બચાવો, તો તેઓ અલ્લાહ અને રસૂલલ્લાહ (સ.) આગળ આપની વિરુદ્ધ કયામતના દિવસે ફરિયાદ કરશે.

આવા ઘણા ગંભીર સંદેશાઓ કૂફાથી ઈમામ (અ.)ને તાત્કાલિક મદદ માટે કૂફા આવી જવાનું કહેતા આવ્યા. જ્યારે મક્કામાં ઈમામ (અ.)ને મદદે આવવા માટેના સંદેશાઓ મળ્યા, તો ઈમામ (અ.)ને તેમના પ્રત્યુત્તર પણ આપવા પડ્યા. જો કે, આપ (અ.) અવિચારીપણે આવા સંદેશાઓનો સ્વીકાર કરી શકયા નહીં, કારણ કે આ શહેરના લોકો પોતાની અસ્થિર અને બેવફા ચારિત્ર્ય અને વર્તન માટે પ્રખ્યાત હતા. તેથી આપ (અ.)એ પોતાના એક નાયબને કૂફા મોકલવાનો નિર્ણય કર્યો કે જે તેમની પ્રમાણિકતાને ચકાસ્યા પછી આપ (અ.)ને લખીને જણાવે.

ઈમામ હુસૈન (અ.)એ પોતાના પિતરાઈ ભાઈ મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ને કૂફા મોકલ્યા

અને તેમને કહ્યું કે તેઓ ત્યાંનો અહેવાલ લખીને મોકલે. જનાબે મુસ્લિમ ૧૪મી રમઝાનના દિવસે પોતાના બે બાળકો અને બે માર્ગદર્શકો સાથે કૂફા જવા રવાના થયા.

આ સમય દરમિયાન યઝીદને દમીશ્કમાં એવા સમાચાર મળી ગયા કે ઈમામ હુસૈન (અ.) મક્કામાં હજ કરવા માટે આવી ગયા છે. તેથી તેણે હાજીઓના છૂપા વેશમાં ઈમામ હુસૈન (અ.) ને કતલ કરવા માટે ત્રીસ માણસોને મક્કા મોકલી દીધા. જો કે, ઈમામ હુસૈન (અ.) ખાનાએ કા'બાની સરહદોમાં હતા, તેમ છતાં આ લોકો ખંજરોને પોતાના એહરામમાં છુપાવીને ઈમામ હુસૈન (અ.)નું ખૂન કરવાના ઈરાદા સાથે હાજીઓના પહેરવેશમાં મક્કામાં દાખલ થઈ ગયા.

બરાબર એ જ સમયે ઈમામ હુસૈન (અ.) ને કૂફાથી મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)નો પત્ર મળ્યો કે જેમાં લખ્યું હતું કે આપનું કૂફા આવવું સલામતીભર્યું છે. ઈમામ હુસૈન (અ.)એ જેવી હજ પૂરી થઈ જાય કે તરત જ કૂફા જવાનું નક્કી કરી દીધું. એ અરસામાં આપ (અ.)ને યઝીદે મક્કામાં મોકલેલા ખૂનીઓની હાજરીથી સજાગ કરી દેવામાં આવ્યા. હજના આગલા દિવસે ઈમામ હુસૈન (અ.)એ હજને ઉમરામાં બદલી નાખીને તાત્કાલિક મક્કાને છોડી દેવાનો ઈરાદો કરી લીધો. આવું કરવા પાછળનું કારણ એ હતું કે આપ (અ.) મક્કાની પાક ધરતી પર લોહી વહાવવાનું ઈચ્છતા ન હતા. કૂફાના લોકોની માંગણી અનુસાર આપ (અ.) તેમના શહેર કૂફા તરફ રવાના થઈ ગયા.




કુરઆન અને હદીસ



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## સ્ત્રીઓના હકકો માટે કુરઆનનું વર્ણન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَسْتَفْتُونَكَ ۖ قُلِ اللّٰهُ يُفْتِيكُمْ فِي
الْكَلٰلَةِ ۚ إِنِ امْرُؤٌا هَلَكَ لَيْسَ لَهٗ وَلَدٌ وَّلَهٗ
أُخْتٌ فَلَهَا نِصْفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَآ
إِنْ لَّمْ يَكُنْ لَّهَا وَلَدٌ ۚ فَإِنْ كَانَتَا اثْنَتَيْنِ
فَلَهُمَا الثُّلُثٰنِ مِمَّا تَرَكَ ۚ وَإِنْ كَانُوٓا
إِخْوَةً رِّجَالًا وَّنِسَآءً فَلِلذَّكَرِ مِثْلُ حَظِّ
الْأُنْثَيَيْنِ ۗ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ أَنْ تَضِلُّوا ۗ
وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ﴿١٧٦﴾

❁ (અય રસૂલ!) તેઓ તારી પાસે ફતવો માગે છે. તું કહે કે અલ્લાહ તમને "કલાલહ"ના સંબંધમાં ફતવો આપે છે; કે જો કોઈ પુરુષ ઓલાદ (અથવા માબાપ) વિના મરણ પામે અને તેની માત્ર એક બહેન હોય, તો તેને જે તે મૂકી જાય, તેનો અડધો ભાગ મળશે, અને એવી જ રીતે તે શખ્સ તે બહેનનો વારસ થશે જો તેણીને ઓલાદ (અથવા માબાપ) નહીં હોય; પણ જો બે બહેનો હોય, તો બન્નેને જે તે મૂકી જાય તેનો બેતૃત્યાંશ ભાગ મળશે; અને જો ભાઈબહેનો હોય, તો પુરુષને બે સ્ત્રીઓની બરાબર મળશે. અલ્લાહ તમારા માટે (આ) એ કારણે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે તમે ભટકી જાઓ નહીં; અને અલ્લાહ દરેક વસ્તુથી ખબરદાર છે.

**(સૂરા નિસા, આયત–૧૭૬)**

---

وَالَّذِينَ يَرْمُونَ الْمُحْصَنٰتِ ثُمَّ لَمْ يَأْتُوا
بِأَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوهُمْ ثَمٰنِينَ جَلْدَةً
وَّلَا تَقْبَلُوا لَهُمْ شَهَادَةً أَبَدًا ۚ وَأُولٰٓئِكَ هُمُ

❁ અને જે લોકો પતિવ્રતા સ્ત્રીઓ પર તોહમત મૂકે, (અને) પછી (એ તોહમતના પુરાવામાં) ચાર સ્ત્રીઓ રજૂ ન કરે તો તેમને એંશી કોરડા મારો, અને (ભવિષ્યમાં) તેમની સાક્ષી કદી

الْفٰسِقُوْنَ ﴿٤﴾

પણ માન્ય રાખો નહીં; અને તેઓ જાતે જ બદકાર છે. **(સૂરા નૂર, આયત–૪)**

---

اِلَّا الَّذِيْنَ تَابُوْا مِنْۢ بَعْدِ ذٰلِكَ وَاَصْلَحُوْا ۚ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥﴾

❁ સિવાય કે જેઓ તે બાદ તોબા કરે અને (દુર્ગુણો) સુધારે, તો બેશક, અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે. **(સૂરા નૂર, આયત–૫)**

---

وَالَّذِيْنَ يَرْمُوْنَ اَزْوَاجَهُمْ وَلَمْ يَكُنْ لَّهُمْ شُهَدَآءُ اِلَّآ اَنْفُسُهُمْ فَشَهَادَةُ اَحَدِهِمْ اَرْبَعُ شَهٰدٰتٍۭ بِاللّٰهِ ۙ اِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ﴿٦﴾

❁ અને જે લોકો પોતાની પત્નીઓ પર (અનીતિનો) આરોપ મૂકે અને તેમના પોતાના સિવાય બીજો કોઈ સાક્ષી ન હોય, તો તે દરેકની જુબાની(ની રીત) આ છે કે તેઓ ચાર વખત અલ્લાહનું નામ લઈ સાક્ષી આપે (અને કહે) કે નિ:સંશય તે પોતે સાચાઓ માંહેનો છે.

**(સૂરા નૂર, આયત–૬)**

---

وَالْخَامِسَةُ اَنَّ لَعْنَتَ اللّٰهِ عَلَيْهِ اِنْ كَانَ مِنَ الْكٰذِبِيْنَ ﴿٧﴾

❁ અને પાંચમી વખત આ કહે કે અગર તે જૂઠ્ઠાઓ માંહેનો હોય, તો તેના પર અલ્લાહની લાનત થાઓ. **(સૂરા નૂર, આયત–૭)**

---

وَيَدْرَؤُا عَنْهَا الْعَذَابَ اَنْ تَشْهَدَ اَرْبَعَ شَهٰدٰتٍۭ بِاللّٰهِ ۙ اِنَّهٗ لَمِنَ الْكٰذِبِيْنَ ﴿٨﴾

❁ અને તે સ્ત્રી ઉપરથી સજાને આ વાત ટાળી દેશે, અગર તેણી ચાર વખત અલ્લાહનું નામ લઈ એવી સાક્ષી આપે કે તે ખરે જ જુઠ્ઠાઓ માંહેનો છે. **(સૂરા નૂર, આયત–૮)**

---

اِنَّ الَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ الْغٰفِلٰتِ الْمُؤْمِنٰتِ لُعِنُوْا فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۠ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٢٣﴾

❁ નિ:સંશય જે લોકો પતિવ્રતા બેખબર (નિર્દોષ) મોમિન સ્ત્રીઓ પર અનીતિનો આરોપ મૂકે છે, તેમના પર દુનિયામાં લાનત કરવામાં આવી છે અને આખેરતમાં પણ, અને તેમના માટે ઘણો મોટો અઝાબ છે. **(સૂરા નૂર, આયત–૨૩)**

# ગુરરુલ હિકમ




(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)

(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## મોહંમદ (સ.) અને આપ (સ.)ની અહલેબૈત (અ.)

١۔ اِرْضَ بِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ رَآئِدًا وَّاِلَى النَّجَاةِ قَآئِدًا

૧. મોહંમદ (સ.)થી તમારા રહેબર તરીકે રાજી રહો અને યકીન રાખો કે આપ (સ.) જ નજાત અપાવશે.

٢۔ اِقْتَدُوْا بِهُدٰى نَبِيِّكُمْ فَاِنَّهٗ اَصْدَقُ الْهُدٰى وَاسْتَنُّوْا بِسُنَّتِهٖ فَاِنَّهَا اَهْدَى السُّنَنِ

૨. તમારા નબી (સ.)ની હિદાયતને અનુસરો, કારણ કે તે જ સાચી હિદાયત છે; અને આપ (સ.)ની સુન્નતનું અનુકરણ કરો, કારણ કે તે જ સૌથી અનુકરણીય રીતભાત છે.

٣۔ اِيَّاكُمْ وَالْغُلُوَّ فِيْنَا قُوْلُوْا: اِنَّا مَرْبُوْبُوْنَ وَاعْتَقِدُوْا فِيْ فَضْلِنَا مَا شِئْتُمْ

૩. અમારી મર્યાદાઓને ઓળંગો નહીં; એમ કહો કે અમે અલ્લાહની મખ્લૂક છીએ, પછી અમારી ફઝીલતો માટે જે ઈમાન રાખવું હોય તે રાખો.

٤۔ اَلَا وَاِنَّا اَهْلَ الْبَيْتِ اَبْوَابُ الْحِكَمِ وَاَنْوَارُ الظُّلَمِ وَضِيَآءُ الْاُمَمِ

૪. ખરેખર, અમ અહલેબૈત હિકમતના દરવાજા, અંધકારને દૂર કરનાર પ્રકાશ અને ઉમ્મત માટે રોશની છીએ.

٥۔ اَيْنَ تَتِيْهُوْنَ وَمِنْ اَيْنَ تُؤْتَوْنَ وَاَنّٰى تُؤْفَكُوْنَ وَعَلَامَ تَعْمَهُوْنَ وَبَيْنَكُمْ عِتْرَةُ نَبِيِّكُمْ وَهُمْ اَزِمَّةُ الصِّدْقِ وَاَلْسِنَةُ الْحَقِّ؟

૫. તમે ક્યાં ભટકી રહ્યા છો, અને ક્યાંથી આવી રહ્યા છો, અને તમે ક્યાં ગુમરાહ થઈ રહ્યા છો, અને તમે શેના માટે પરેશાન છો, કે જ્યારે તમારી વચ્ચે તમારા નબી (સ.)ની ઈતરત

મોજૂદ છે કે જે સચ્ચાઈ અને હકની વાણી છે?

٦۔ اَيْنَ الَّذِيْنَ زَعَمُوْا اَنَّهُمُ الرَّاسِخُوْنَ فِى الْعِلْمِ دُوْنَنَا كِذْبًا وَّبَغْيًا عَلَيْنَا وَحَسَدًا لَّنَا اَنْ رَّفَعَنَا اللّٰهُ سُبْحَانَهُ وَوَضَعَهُمْ وَاَعْطَانَا وَحَرَمَهُمْ وَاَدْخَلَنَا وَاَخْرَجَهُمْ بِنَا يُسْتَعْطَى الْهُدٰى وَيُسْتَجْلَى الْعَمٰى لَا بِهِمْ

૬. તે લોકો ક્યાં છે કે જે અમારા સિવાય "રાસેખૂન ફિલ ઈલ્મ" હોવાનો દાવો કરે છે, જ્યારે કે તેઓ જુઠ્ઠું બોલે છે અને અમારા પર જુલ્મ કરે છે, અને તેઓ અમારાથી ઈર્ષા કરે છે? કારણ કે, ખરેખર, અલ્લાહે અમને ફઝીલત આપી છે અને તેમને વંચિત રાખ્યા છે; અમને ઈમામતનો હોદ્દો આપ્યો છે અને તેમની અવગણના કરી છે; અમને નિકટતા આપી છે અને તેમને દૂર કર્યા છે; અમારાથી જ માર્ગદર્શન મેળવી શકાય છે, અને અમારાથી જ અંધકાર નાબૂદ કરી શકાય છે, ન કે તેમનાથી!

٧۔ اَحْسَنُ الْحَسَنَاتِ حُبُّنَا وَاَسْوَءُ السَّيِّئَاتِ بُغْضُنَا

૭. અમારાથી મોહબ્બત સૌથી મોટી નેકી છે, અને અમારાથી દુશ્મનાવટ સૌથી ખરાબ બદી છે.

٨۔ اَسْعَدُ النَّاسِ مَنْ عَرَفَ فَضْلَنَا وَتَقَرَّبَ اِلَى اللّٰهِ بِنَا وَاَخْلَصَ حُبَّنَا وَعَمِلَ بِمَا اِلَيْهِ نَدَبْنَا وَانْتَهٰى عَمَّا عَنْهُ نَهَيْنَا فَذَاكَ مِنَّا وَهُوَ فِىْ دَارِ الْمُقَامَةِ مَعَنَا


૮. લોકોમાં સૌથી વધારે નસીબદાર તે છે કે જે અમારી ફઝીલતોને જાણે, અને અમારા વસીલાથી અલ્લાહની નિકટતા ચાહે, અને નિખાલસપણે અમારાથી મોહબ્બત કરે, અને અમારાં અમ્રો–નહી પર અમલ કરે; આવા લોકો અમારાથી છે અને બેહિશ્તમાં તે અમારી સાથે જ હશે.

٩۔ اَوْلَى النَّاسِ بِنَا مَنْ وَالَانَا وَعَادَا مَنْ عَادَانَا

૯. તે વ્યક્તિ અમારી સૌથી વધુ નજીક છે કે જે અમારાથી મોહબ્બત રાખે છે અને અમારા દુશ્મનોથી દુશ્મની રાખે છે.




**૩૯૮** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) દુશ્મની, શત્રુતા, વેર, દુશ્મનાવટ (૪)
(૪ ) હલનચલન, ગતિ, ચાલ, અડચણ (૪)
(૭) આમંત્રણ, નિમંત્રણ, ભોજન માટે નોતરું (૩)
(૮) ખૂબ, ઘણું, પુષ્કળ, વિપુલ, અસંખ્ય (૩)
(૯) ધીમો પવન, મંદ સમીર, સવારની ઠંડી હવા (૩)
(૧૧) માટીનો મોટો ઢગલો, ટીંબો (૩)
(૧૩) તળિયું, સખતળી, જોડાનો નીચલો ભાગ (૨)
(૧૫) પાપ, ગુનોહ, દોષ, ક્ષતિ, અપરાધ, કસૂર (૨)
(૧૬) જોઈ ન શકતો હોય તેવો, આંધળો, અંધ (૩)
(૨૦) પ્રથા, રૂઢિ, પરંપરા, ચલણ (૩)
(૨૨) મહીનો, માસ (૨)
(૨૩) સ્પર્શ, ઘસવાની ક્રિયા (૨)
(૨૫) લખાણ, લેખન, અંક, આંકડો, જાણસ (૩)
(૨૭) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૨૯) મકાન, ઘર, ગૃહ, ભવન, મુકામ (૨)
(૩૧) ઉપનામ, ઉપાધિ, ઈલ્કાબ (૩)
(૩૪) શૈલી, પદ્ધતિ, ઢંગ, આચરણ, લક્ષણ (૨)
(૩૫) હાથ, હસ્ત (૨)
(૩૬) સાટું, અવેજ, બદલો (૩)
(૩૭) સાલ, સંવત, વર્ષ (૨)

## ઊભી ચાવીઓ

(૧) ન્યાયાલય, ન્યાયમંદિર (૪)
(૨) ચાલબાજી, ધોખો, લાગ, તક, મોકો (૨)
(૩) જન્મભૂમિ, માતૃભૂમિ, પોતાનો દેશ (૩)
(૪) સત્ય, સાચ, અધિકાર, ખરું, વાજબી (૨)
(૫) પહોંચ, પ્રાપ્તિપત્ર, રિસીટ (૩)
(૬) કૃપા, મહેરબાની, દયા (૩)
(૧૦) રસૂલલ્લાહ (સ.)નો રોઝો ત્યાં આવેલો છે (૩)
(૧૨) ગાયબ, અદ્દશ્ય, અલોપ (૪)
(૧૪) નધણિયાતું, વારસદાર વગરનું (૨)
(૧૬) દીવો, બત્તી, દીપક (૪)
(૧૮) રોગી, અસ્વસ્થ, માંદું, નાદુરસ્ત (૩)
(૧૯) નકામું, નિરર્થક (૩)
(૨૧) સૂર્યનું ઢળવું, પતન, અવનતિ (૩)
(૨૩) સ્વાર્થ, હેતુ, ખ્વાહિશ, ધ્યેય (૪)
(૨૬) સલમાન ફારસી (રઝી.)નો રોઝો ત્યાં આવેલો છે (૪)
(૨૮) –ની રીતે, –ની જેમ, તે પ્રમાણે (૩)
(૩૦) પરત કરવું, પાછા વળવું, ઊલટી કરવી (૪)


શુદ્ધ જડીબુટ્ટી, શુદ્ધ ઉર્જા, શુદ્ધ તમે.
pure fusion
CALCIUM + VITAMIN D3
CHOLEST SUPPORT
HEALTHY JOINTS
VITAMIN B12
DIABETES CARE
MULTI VITAMIN
IRON
Cholest Support
LDL (ખરાબ કોલેસ્ટરોલ) ઘટાડે છે
HDL (સારું કોલેસ્ટરોલ) વધારવામાં મદદરૂપ
હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે
Multi-Vitamin
શરીરમાં તમામ વિટામિન્સની અછત પૂરી કરે છે
વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ
હૃદય સંબંધિત તકલીફોમાં સહાયક
શરીરના કોષોને નુકસાનથી બચાવે છે
Calcium + Vitamin D3
સાંધાના દુખાવામાં રાહત આપે છે
હાથ અને પગના દુખાવામાં મદદરૂપ
પેશીઓની નબળાઈ ઘટાડે છે
હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે
Iron
શરીરમાં આયર્નની અછત પૂરી કરે છે
નબળાઈ અને થાક ઘટાડે છે
આંખોમાં પીળાશની સમસ્યામાં મદદરૂપ
ભૂખમાં વધારો કરે છે
Joint Support
સાંધા વાળવામાં થતી તકલીફમાં રાહત આપે છે
સાંધામાં થતી લાલાશ ઘટાડે છે
સાંધાની સોજામાં મદદરૂપ
ચાલવા અને ઊભા થવામાં સહેલાઈ આપે છે
Diabetes Care
બ્લડ શુગરનું સ્તર નિયંત્રણમાં રાખે છે
શરીરની નબળાઈ ઘટાડે છે
અતિભૂખ અને તરસમાં નિયંત્રણ રાખે છે
ઘા ધીમા ભરાવાની સમસ્યામાં મદદરૂપ
Vitamin B12
શરીરની નબળાઈ ઘટાડે છે
યાદશક્તિ અને એકાગ્રતા સુધારે છે
રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે
વાળ અને ત્વચા સંબંધિત સમસ્યાઓમાં મદદરૂપ
પાચનતંત્રને સ્વસ્થ રાખે છે
હૃદયને સ્વસ્થ રાખવામાં સહાયક
ભૂખમાં વધારો કરે છે
સ્નાયુઓને સ્વસ્થ રાખે છે
હાડકાં સ્વસ્થ રાખે છે
ZAFIYA INTERNATIONAL TRADE LINKS
G-101, પંજેતની એપાર્ટમેંટ, ગ્રીન પાર્ક, સુમિત હોટેલ ની પાછળ, ઉન્ન, સુરત-394210.
+91 9326934440
www.thepurefusion.com
care@purefusion.in
/ purefusion



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نہج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા
અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

**અલ્લાહ તઆલાના દીદાર**

એક માણસે સવાલ કર્યો કે, "યા અમીરલ મોમિનીન! શું આપે ઈબાદત કરતી વખતે અલ્લાહને જોયો છે?" આપ (અ.)એ જવાબ આપ્યો કે, "હું તેની ઈબાદત જ નથી કરતો કે જેને ન જોઉં."

ફરીથી સવાલ કર્યો, "યા અમીરલ મોમિનીન! આપે તેને કેવી રીતે જોયો?"

તો આપ (અ.)એ ફરમાવ્યું, "અફસોસ છે તારા પર! આંખો તેનો મુશાહદા (પ્રત્યક્ષ દર્શન) નથી કરી શકતી, પરંતુ ઈમાનની હકીકતોની સાથે અકલ તેને જુએ છે. તે દલીલો સાથે ઓળખાય છે, અને નિશાનીઓથી તેનું વર્ણન કરવામાં આવે છે. મનુષ્યો સાથે તેની સરખામણી નથી થઈ શકતી. ઈંદ્રિયો તેને સમજી શકતી નથી."

(કિતાબ અલ–એહતિજાજ; તબરી, જિલ્દ–૧, સફહા–૧૩૧૩)

**અલ્લાહ ક્યાં છે?**

એક વ્યક્તિએ હઝરત અબૂ બક્રને સવાલ કર્યો કે, "શું આ ઉમ્મતના ખલીફા આપ જ છો?"

**હઝરત અબૂ બક્ર:** હા.

**સવાલ પૂછનાર:** અમે તૌરાતમાં વાંચ્યું છે કે રસૂલ (સ.)ના ખલીફા તમામ ઉમ્મતમાં સૌથી વધારે આલિમ હોય છે. તેથી મને બતાવો કે અલ્લાહ ક્યાં છે? આસમાનમાં કે જમીન પર?

**હઝરત અબૂ બક્ર:** તે આસમાનમાં અર્શની ઉપર છે.

**યહૂદી:** તો શું જમીન તેનાથી ખાલી છે?

**હઝરત અબૂ બક્ર:** આ તો નાસ્તિકોનો બોલ છે. અહીંથી દૂર થઈ જા, નહીંતર તને મોતને ઘાટ ઉતારી દઈશ.

યહૂદી આ ખલીફા–એ–ઈસ્લામથી અચંબિત થઈ ગયો, અને તરત ત્યાંથી બહાર નીકળીને સીધો હઝરત અલી (અ.)ની ખિદમતમાં પહોંચ્યો. આપ (અ.)એ ફરમાવ્યું,

"અય યહૂદી! તેં જે સવાલ કર્યો અને તને જે જવાબ મળ્યો તે સઘળું હું જાણું છું. હું કહું છું કે

ખરેખર અલ્લાહ માટે 'ક્યાં' શબ્દનો પ્રયોગ કરવો જ ખોટો છે. ખરે જ, દરેક 'ક્યાં'નો સર્જક તે જ છે. તેથી તેને કોઈ સ્થળ કે સ્થાન લાગુ પડતું નથી. તે કોઈ જગ્યામાં સમાવાથી બહુ બુલંદ છે. તે દરેક મકામ પર છે, વગર કોઈ સ્પર્શ કે પડોશના. તેણે પોતાના ઈલ્મથી સર્વેને ઘેરી લીધા છે. સર્જનને બનાવવા માટે તેને કોઈ પૂર્વ આયોજનની જરૂર નથી. હવે હું તને એ વાતથી માહિતગાર કરીશ જેમનો તમારી કિતાબોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને જેમને તમારા પર વાજિબ કરવામાં આવી છે. શું હું જેનું વર્ણન કરું તેની તું તસ્દીક કરીશ? અને જો તું સમજી જાય તો શું તેના પર ઈમાન લાવીશ?

**યહૂદી:** જી, હા.

**અમીરુલ મોમિનીન:** શું તમે તમારી કેટલીક કિતાબોમાં નથી પઢતા કે એક દિવસ મૂસા ઈબ્ને ઈમરાન (અ.) બેઠેલા હતા એવામાં પૂર્વ દિશા તરફથી તેમની પાસે એક ફરિશ્તો આવ્યો? મૂસા (અ.)એ પૂછ્યું કે, "તું કયાંથી આવ્યો છે?" તો જવાબ મળ્યો કે, "અલ્લાહની પાસેથી." પછી એક ફરિશ્તો પશ્ચિમ દિશામાંથી આવ્યો. તેને પણ પૂછ્યું કે, "ક્યાંથી આવ્યો છે?" તો તેણે પણ જવાબ આપ્યો કે, "સાતમા આસમાન પરથી અલ્લાહની પાસેથી આવ્યો છું." ત્યાર પછી એક અન્ય ફરિશ્તો આવ્યો, અને કહેવા લાગ્યો કે, "હું સાતમી ધરતી પરથી અલ્લાહ પાસેથી આવ્યો છું." તેથી મૂસા (અ.)એ કહ્યું કે, "પાક છે તે ઝાત જેનાથી ન કોઈ જગ્યા ખાલી છે કે ન તો તેના માટે કોઈ ખાસ જગ્યા છે. કોઈ પણ સ્થાનની સરખામણીમાં તે ખૂબ વધુ નજીક છે."

**યહૂદી:** હું ગવાહી આપું છું કે આ હક્કે મુબીન (સ્પષ્ટ સત્ય) છે, અને ખરેખર આપ જ આપના નબીની જગ્યાના સૌથી વધારે હકદાર છો, તેના કરતાં કે જેણે તેને હાસિલ કરી લીધી છે.

## રિવાયતે રુમૈલા

કિતાબ અલ–ઈર્શાદમાં હમરાન ઈબ્ને ઐને કાસિમ ઈબ્ને મોહંમદ ઈબ્ને અબી બક્રથી રિવાયત કરી છે કે તેમણે રુમૈલાથી સાંભળ્યું કે જે હઝરત ઈમામ અલી (અ.)ના ખાસ અસ્હાબમાંથી હતા.

**રુમૈલા:** અમીરુલ મોમિનીન (અ.)ના ઝમાનામાં એક વખત મને સખ્ત તાવ આવ્યો જેના કારણે મેં મારા નફસમાં કમજોરી મહસૂસ કરી. તે જુમ્આનો દિવસ હતો, એટલે મેં વિચાર્યું કે આનાથી બહેતર કોઈ કામ નથી કે ગુસ્લ કરું, અને મસ્જિદ જઈને અમીરુલ મોમિનીન (અ.) ની પાછળ નમાઝ અદા કરું. બસ મેં એમ જ કર્યું. જ્યારે આપ (અ.) નમાઝ બાદ મિમ્બર પર તશરીફ લઈ ગયા, તો મને પાછો તાવ આવી ગયો. જ્યારે અમીરુલ મોમિનીન (અ.) મસ્જિદથી બહાર નીકળ્યા, તો હું પણ તેમની પાછળ પાછળ ચાલ્યો. આપ (અ.)એ મારી તરફ ધ્યાન આપ્યું,

અને ફરમાવ્યું, "હું તને જોઈ રહ્યો છું, પણ તું તારાં અમુક કાર્યો બાબતે શંકામાં છે જે તારા તાવનું કારણ છે. અને તેં શું કહ્યું કે કોઈ કાર્ય આનાથી શ્રેષ્ઠ નથી કે ગુસ્લ કરીને મારી પાછળ નમાઝ પઢે કે જેથી તને થોડી રાહત મળે, પણ જ્યારે હું નમાઝ પઢીને મિમ્બર પર ગયો, ત્યારે તારો તાવ તારી તરફ પાછો આવી ગયો."

**રુમૈલા:** યા અમીરલ મોમિનીન! અલ્લાહની કસમ! આપે મારા કિસ્સા વિષે જે કહ્યું છે તેમાં એક અક્ષરનો પણ વધારો કે ઘટાડો નથી.

**અમીરુલ મોમિનીન (અ.):** અય રુમૈલા! કોઈ પણ મોમિન કે મોમિના નથી કે જે કોઈ રોગમાં સપડાય, પરંતુ એ કે તેની સાથે હું પણ બીમાર થઈ જાઉં છું. કોઈ મોમિન ગમગીન નથી થતો, પરંતુ એ કે હું તેના ગમમાં ગમગીન થઈ જાઉં છું. કોઈ દુઆ નથી માગતો, પરંતુ એ કે હું તેની દુઆ પર આમીન કહું છું, અને કોઈ ચૂપ નથી થતો, પરંતુ એ કે હું તેના માટે દુઆ કરતો રહું છું.

**રુમૈલા:** યા અમીરલ મોમિનીન! આ તો એના માટે થયું કે જે આપની સાથે આ શહેરમાં છે. તો જેઓ પૃથ્વીનાં અન્ય સ્થાનો પર છે તેમનું શું?

**અમીરુલ મોમિનીન (અ.):** અય રુમૈલા! કોઈ મોમિન અથવા મોમિના અમારાથી ગાયબ નથી, પછી ભલે ને જમીનની પૂર્વ દિશામાં હોય અથવા પશ્ચિમ દિશામાં, પરંતુ એ કે તે અમારી સાથે છે અને અમે તેની સાથે છીએ.

(બહરુલ મઆરિફ, સફહા-૨૪૮)

**હઝરત ઈમામ અલી (અ.) અને બીબી ઝૈનબ (અ.)**

**બીબી ઝૈનબ (અ.):** બાબા! શું આપ મને દોસ્ત રાખો છો?

**હઝરત અલી (અ.):** હા, હું જરૂર તમને દોસ્ત રાખું છું.

**બીબી ઝૈનબ (અ.):** શું આપ મારાં વાલેદા અને હસનૈન (અ.)ને પણ દોસ્ત રાખો છો?

**હઝરત અલી (અ.):** હા, હું એમને પણ દોસ્ત રાખું છું.

**બીબી ઝૈનબ (અ.):** શું આપ અમારા નાના રસૂલલ્લાહ (સ.)ને પણ દોસ્ત રાખો છો?

**હઝરત અલી (અ.):** બેશક, હું એમને પણ દોસ્ત રાખું છું.

**બીબી ઝૈનબ (અ.):** શું આપ હક સુબ્હાનહૂ તઆલાને પણ દોસ્ત રાખો છો?

**હઝરત અલી (અ.):** નિ:શંકપણે, હું અલ્લાહ તઆલાને પણ દોસ્ત રાખું છું.

**બીબી ઝૈનબ (અ.):** બાબા! એ કેવી રીતે શકય છે કે એક દિલમાં બે મહબૂબોનો મેળાવડો હોય?

**હઝરત અલી (અ.):** આ મસઅલો ખૂબ નાજૂક છે, પરંતુ એ સમજી લો કે અલ્લાહના સિવાય હું જેની સાથે પણ મોહબ્બત કરું છું એને અલ્લાહ ખાતર જ મોહબ્બત કરું છું. (ક્રમશ:)


KFB Milcano™
भारत का अपना टेस्ट
મિલ્કેનો ડેરી એટલે...
મધુર સ્વાદ ની ઓળખ
અમારી પ્રોડક્ટ્સ
દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ
KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.
Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.
Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65
વ્યાપારી પૂછપરછ આવકાર્ય



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૮૬**

**ભાષા - રુબાઈ**

**ભાઈ બેગે આવો મેરે દીનકે, સુન સુન એ સહી બાત રે,**
**રહે રે રણમાં તરસે, નબીજીકે ફરઝંદ ઝાત રે.**

*અય મારા દીનના ભાઈઓ! જલ્દીથી આવો અને આ સાચી વાતો સાંભળો કે નબી સાહેબના ફરઝંદો રણમેદાનમાં તરસ્યા રહ્યા.*

**પરદેશ માંહેં આવ રોકીએ, રબ બના કોઈ સાર રે,**
**ચહુદેશ દુશ્મન ઢોકીએ, મીત કોઈ ના હોકર કરે વાર રે.**

*પરાયા દેશમાં (દુશ્મનોએ) એમને રોકી લીધા અને પરવરદિગાર સિવાય કોઈ તેમની સંભાળ રાખનાર નથી, ચારેય બાજુથી દુશ્મનો અડીખમ ઊભા હતા, તેમનો દોસ્ત બનીને તેમની મદદ કરનારો કોઈ નથી.*

**એસા ને એસા રબ અપના, રહીએ હોને બંદે આધાન રે,**
**ગુલસે શહઝાદે આવ રણમાં, તરસે દાઝે સબ તન રે.**

*આપણો પરવરદિગાર આવો છે, માટે આપણે ગુલામ બનીને તેના તાબેદાર રહેવું જોઈએ, ફૂલ જેવા ઈમામ હુસૈન (અ.) રણમેદાનમાં આવ્યા, અને તરસના કારણે બધાનાં શરીર બળી રહ્યાં છે.*

**એક એક કું કહીં કહીં દુરીજના, આવ આવ ફના કરે તન રે,**
**તરસે તો બાલે ટલવલે, ટીંપ ના પાવે નીર રે.**

*એક એક (સિપાહી)ના સામે ઘણા બધા દુશ્મનો આવીને તેમને કતલ કરી રહ્યા છે, અને તરસના કારણે નાના નાના બાળકો વળખાં મારી રહ્યાં છે, અને એક ટીપું પણ પાણી મળી શકતું નથી.*

**ધરતી ધ્રુજતી પંથી દેખતે, આસમાન અને નૂરી જે માંય રે,**
**ફરઝંદ ગુલ જેસે નબીકિ, ચલ રણ એકલે જાય રે.**

*આ પરદેશી મુસાફરોને જોઈને જમીન પણ ધ્રુજતી હતી, અને આસમાન અને તેમાં રહેનારા જે ફરિશ્તાઓ હતા તે પણ થરથરી રહ્યા હતા, નબી સાહેબના ફૂલ જેવા ફરઝંદો એકલા જ રણમેદાનમાં દુશ્મનો સામે જઈ રહ્યા છે.*

**ધર ધર માંહેં મરડ તીરકીકી, ધર ધર દુરીજન ધાય રે,**
**ધસ ધસ ઘાવ આવ કરે, શરમ ના મન માંહેં લાએ રે.**

*દુશ્મનો અંદરોઅંદર દોડી દોડીને ધનુષ્યની માફક શરીરને વળ દઈને ધસી ધસીને ઘા કરતા હતા, એકાએક આવી આવીને (દુશ્મનો) ઘા કરતા હતા અને દિલમાં જરાય શરમ લાવતા ન હતા.*

**શહઝાદે રોવે નેનું દેખતે, ભરભર આંખિયાં તો નીર રે,**
**અહલેબૈતરોવેસબઘરમાં,એસાહાલહુઆસુનોવીરરે.**

*ઈમામ હુસૈન (અ.) પોતાની નજરે આવું જોઈને રડતા હતા, જેથી આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં, અને સાંભળો, અય ભાઈઓ! કે તે સમયે એવી સ્થિતિ હતી કે બધાં જ અહલેબૈત (અ.) ખૈમામાં રડતાં હતાં.*

**કાસિમકીમાતાબોતટલવલે,ટલવલેખાતૂનકીઝાતરે,**
**તરસે ઝબાં રહી સુકતી, એસી વેલા હુઈ સુનો બાત રે.**

*જનાબે કાસિમ (અ.)ની મા ખૂબ જ તરફડિયાં મારી રહ્યાં હતાં, અને તેમનાં બીવી પણ ઘણાં બેચેન હતાં, અને આ વાત સાંભળો કે તે સમય એવો હતો કે તરસના કારણે જીભ પણ સૂકાઈ ગઈ.*

**સૈયદબાલેરેમાંગીશીખડી,રણમાંજાનેકુંમાતાપાસરે,**
**માને રધન કિયા દાઝસું, રોએ રોએ કનીઝ ને દાસ રે.**

*જનાબે કાસિમ (અ.) આવા સમયે માની પાસે રણમાં જવાની રજા માગવા લાગ્યા, તો તેમની માએ લાગણીવશ થઈને ખૂબ જ રુદન કર્યું, અને કનીઝો અને ગુલામો પણ રોવા લાગ્યાં.*

**બયાન નં.૨૮૭**

**તબ માતાકું દિલાસા, કાસિમને દિતા,**
**દે ખાતૂનકો દિલાસા, દિલ ઢારસ કિતા.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)એ માને દિલાસો આપ્યો, અને પોતાની બીવીને પણ દિલાસો આપીને દિલમાં ધીરજ રાખવાનું કહ્યું.*

**કહ્યા મિલના હોવેગા, અબ કયામત દંના,**
**હેં હમું તમું જુદાઈ, પડી આજ દંના.**

*જનાબે કાસિમ (અ.) કહેવા લાગ્યા કે હવે આપણી મુલાકાત કયામતના દિવસે થશે, અને આજના દિવસે મારે અને તમારે જુદાઈ પડી ગઈ.*

**લખ્યા મિટે રે નાંહાં, જ્યું તકદીરકે માંહાં,**
**અબ સબૂર બના, કછુ ચારા રે નાંહાં.**

*જે કિસ્મતમાં લખેલું છે તે ભૂસાવાનું નથી, અને હવે સબ્ર સિવાય બીજો કોઈ ઉપાય નથી.*

**અને કાસિમ તો ચલ કર, ફિર આએ રે મેદાના,**
**અને સા'દકે બેટેકા, કિયા નેન રે નિશાના.**

*અને જનાબે કાસિમ (અ.) ફરીથી રણમેદાનમાં ઘોડો દોડાવીને આવ્યા, અને પોતાની નજરમાં સા'દના બેટાને (મારવાનું) લક્ષ્ય બનાવ્યું.*

**ઉસ નિશાન હો ઉપર, જાના સૈયદને ચાયા,**
**તબ લશ્કર દુશ્મન, સબ બીચ માંહેં આયા.**

*એ નિશાન કે જે ઉમર ઈબ્ને સા'દ હતો, તેની*

*સામે જનાબે કાસિમ (અ.)એ જવાનો વિચાર કર્યો, ત્યારે દુશ્મનોનું આખું લશ્કર વચ્ચે આવી ગયું.*

**આએ પ્યાદે ને અસવાર, જ્યું દરિયા નીરા,**
**લે સૈયદને ઉસમાં, ઝોંકા આપ રે શરીરા.**

*દરિયાના પાણીની જેમ પ્યાદા અને ઘોડેસવારો આવ્યા, તો જનાબે કાસિમ (અ.)એ પોતાની જાતને તે દરિયામાં નાખી દીધી.*

**યું જંગકે દરિયામાં, જા ગોતા રે ખાયા,**
**જા તીસ તો પ્યાદે, મારે રે સુણાયા.**

*આવી રીતે જંગના દરિયામાં જઈને જનાબે કાસિમ (અ.)એ ડૂબકી મારી, અને ૩૦ પ્યાદોઓને મારી નાખ્યા, એવું સાંભળવા મળ્યું છે.*

**અને પચાસ અસવાર, માર ફિરના ચાયા,**
**તબ ઘાવ પર ઘાવ, આવ અનુંને કરાયા.**

*અને ૫૦ ઘોડેસવારોને મારી નાખીને પાછા ફરવાનો વિચાર કર્યો, ત્યારે દુશ્મનોએ આવીને ઘા પર ઘા કર્યા.*

**તબ સૈયદકા ઘોડા, આયા રે કામા,**
**બોત ઘાવ લાગે સૈયદકું, ઉસ હી ઠામા.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)નો ઘોડો લડાઈમાં મરી ગયો, અને એ જગ્યાએ જનાબે કાસિમ (અ.)ને ઘણા ઘા લાગ્યા.*

**બેતાકત હોવડે, જબ લોહી બોત ચલીયા,**
**તબ જમીંમાં આએ, એસા રે સુનીયા.**

*જ્યારે ઘામાંથી ખૂબ જ લોહી વહી ગયું તો જનાબે કાસિમ અશક્ત થઈ ગયા, ત્યારે તેઓ ઘોડા પરથી જમીન ઉપર આવ્યા, એવું સાંભળવામાં આવ્યું છે.*

**કહ્યા ચચા મુજકું, પોંચો રે મેરે,**
**યું સૈયદને ગિરતે, કહ્યા રે સવેરે.**

*જનાબે કાસિમ (અ.) કહેવા લાગ્યા કે, અય કાકા! મારી મદદે આવો, આવો પોકાર જનાબે કાસિમે જમીન ઉપર આવતા સમયે કર્યો.*

**એ અવાજ તો શહઝાદેકે, આયા રે કાના,**
**એ સુન સુન મોમિનો, મન એતના આના.**

*જ્યારે આ અવાજ ઈમામ હુસૈન (અ.)ના કાને પડ્યો, તો આ સાંભળીને મોમિનોના દિલમાં આટલું આવ્યું.*

**રેતૂહી**

**ઈમામઝાદે કાસિમ રણમાં રહે,**
**પૂરે લાગે ઘાવ રે, પૂરે લાગે ઘાવ;**
**હાંક મારી ગિરતે સહી,**
**શહઝાદેકું કર ચાવ રે, શહઝાદેકું કર ચાવ.**

*ઈમામ (અ.)ના બેટા જનાબે કાસિમ (અ.) રણમેદાનમાં રહી ગયા અને તેમનું શરીર ઘાથી ભરાઈ ગયું, ત્યારે ઘોડા ઉપરથી પડતાં પડતાં ઈમામ હુસૈન (અ.)ને મોહબ્બતથી અવાજ આપ્યો.*

AHAD™
SOLARTECH

# સોલાર અપનાવીએ,
# વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google



## અનુભવ

**2,200+** ગ્રાહકો | **5+** વર્ષ અનુભવ | **3+** રાજ્યોમાં કરેલા કામ

**2,600+** આજ સુધી કરેલા પ્રોજેક્ટ | **25,000+** આજ સુધી લગાવેલા કિલોવોટ

**+91 84011 03129 | +91 97234 59440**

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦ (ગતાંકનું ચાલુ) مرثیہ-۲۰

| યઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું | زوجۂ یزید ہند کا قید خانے میں آکر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا |
| --- | --- |

ہیں کیا یہ لوگ منکرِ پیغمبرؐ اِلٰہ
شاید نہیں علیؑ کے گھرانے سے ان کو راہ
۸
کیوں ہاتھ سب کے باندھے ہیں کھلتا نہیں ہے آہ
کاٹا ہے کس کا سر کسے لوٹا ہے بے گناہ
کافر ہے وہ عناد جسے پنجتنؑ سے ہے
کیا دشمنی کچھ ان کو حسینؑ و حسنؑ سے ہے

((હિન્દ બોલી કે,) "શું આ લોકો પયગમ્બરે ઈલાહ (સ.)નો ઈન્કાર કરનારાં છે? કદાચ અલી (અ.)ના ઘરાના સાથે તેમને કોઈ સંબંધ નથી. આહ! કેમ બધાના હાથ બાંધેલા છે, કંઈ ખબર પડતી નથી? કોનું સર કાપવામાં આવ્યું છે અને કોને બેગુનાહ લૂંટવામાં આવ્યાં છે? એ કાફિર છે કે જેને પંજેતન (અ.) સાથે દુશ્મની છે. તો શું તેમને હસન (અ.) અને હુસૈન (અ.) સાથે કંઈ દુશ્મની છે?)

کوئی اگر کہے بھی تو میں مانتی ہوں کب
ابرار و حق پرست ہیں قیدی یہ سب کے سب
۹
میں سن چکی ہوں آپ صدائے نمازِ شب
فاقوں میں بھی وہ کرتے ہیں تا صبح شکرِ رب
گرمی سے گو کہ سینوں میں دم ان کے رُکتے ہیں
ماؤں کے ساتھ بچے بھی سجدے میں جھکتے ہیں

(જો કોઈ કહે તો હું કેમ માની લઉં? આ બધાં જ કેદીઓ નેક અને હકપરસ્ત છે. નમાઝે શબનો અવાજ હું

પોતે સાંભળી ચૂકી છું. ફાકાઓમાં પણ તેઓ સવાર–સાંજ અલ્લાહનો શુક્ર કરતા રહે છે. જો કે, ગરમીથી છાતીઓમાં તેમનો શ્વાસ રોકાય છે. માતાઓની સાથે બાળકો પણ સજ્દામાં ઝૂકે છે.)

قیدی ہیں پر قضا کبھی ہوتی نہیں نماز　　رکھتے ہیں پانچوں وقت زمیں پر سرِ نیاز
آواز میں سُنا نہیں یہ سوز یہ گداز　۱۰　سجدے میں حق سے کہتے ہیں کچھ اپنے دل کا راز
چھوٹے بڑوں کی عادت طاعت گزاری ہے
آٹھوں پہر درود زبانوں پہ جاری ہے

(તેઓ કેદી છે છતાં તેમની નમાઝ કઝા થતી નથી. પાંચેય વખત જમીન પર તેઓ પોતાનાં સર રાખી દે છે. આવું દર્દ અને આવી નરમી મેં કોઈનાય અવાજમાં સાંભળ્યાં નથી. તેઓ સજ્દામાં અલ્લાહને પોતાના દિલનાં રહસ્યો કહે છે. તેમના નાનાં–મોટાં દરેકની આદત (અલ્લાહની) ઈતાઅતગુઝારી છે. આઠેય પહોર તેમની ઝબાનો પર દુરૂદનું રટણ ચાલતું જ રહે છે.)

قیدی ہے ظاہراً کوئی بیمار و ناتواں　　معلوم کچھ نہیں کہ وہ لڑکا ہے یا جواں
آواز اِک ضعیف سی آتی ہے ہر زماں　۱۱　کیسا کراہتا ہے سحر تک وہ نیم جاں
یہ درد ہے صدا میں کہ دل ٹکڑے ہوتے ہیں
رونے پہ اُس کے لوگ محلے کے روتے ہیں

(એવું દેખાય છે કે કોઈ કેદી બીમાર અને કમજોર છે. કંઈ ખબર પડતી નથી કે તે છોકરો છે કે યુવાન છે. હંમેશાં તેનો અવાજ એક કમજોર માણસ જેવો આવે છે. તે કમજોર સવાર સુધી દર્દથી ઊંહકારા ભરે છે. તેના અવાજમાં એવું દર્દ છે કે દિલ ટુકડે ટુકડા થઈ જાય છે. તેના રડવાથી મહોલ્લાના લોકો પણ રડે છે.)

کرتا ہے جب تلاوتِ قرآں وہ حق کا نور　　ہوتا ہے لحنِ حضرتِ داؤدؑ کا ظہور
رشتہ کچھ اس کا مصحفِ ناطق سے ہے ضرور　۱۲　قرآں کے حرف حرف کے معنی پہ ہے عبور

تقریر کیا فصیح ہے کیا خوش بیان ہے
گویا زبان اس کی خدا کی زبان ہے


(તે અલ્લાહનું નૂર જ્યારે કુરઆનની તિલાવત કરે છે, ત્યારે (જાણે) હઝરત દાવૂદ (અ.)નો સુરીલો અવાજ ગુંજી ઊઠે છે. તેનો બોલતા કુરઆન સાથે કોઈ ચોકકસ સંબંધ જરૂર છે. કુરઆનના પ્રત્યેક હર્ફના અર્થ પર તેની પારંગતતા છે. તેની તકરીર કેવી ફસીહ છે, અને કેવો મધુરભાષી છે! જાણે કે તેની ઝબાન ખુદાની જ ઝબાન હોય.)

دن بھر تو اس کو رہتا ہے غش اور دردِ سر — کرتا ہے نصف شب سے مناجات تا سحر
والله کیا دعاؤں کے فقروں میں ہے اثر — ١٣ — بہ جائے آب ہو کے جو پتھر کا ہو جگر
شاید کوئی عزیز شہِ مشرقین ہے
صوتِ حسنؑ میں حسنِ صدائے حسینؑ ہے

(આખો દિવસ તો તેને બેહોશી અને માથાનો દુખાવો રહે છે. અડધી રાતથી સવાર સુધી તે અલ્લાહથી મુનાજાતમાં રહે છે. અલ્લાહની કસમ! તેની દુઆઓનાં વાકયોમાં કેવી અસર છે, કે પત્થર જેવું દિલ પણ પાણી બનીને વહી જાય. કદાચ તે મશરિક અને મગરિબના બાદશાહનો કોઈ રિશ્તેદાર છે. (જાણે કે) તે હસન (અ.)ના અવાજમાં હુસૈન (અ.)ના પોકારની સુંદરતા છે.)

کہتے ہیں صبر شکر اے اللہ رے حوصلہ — شکوہ نہ طوق کا ہے نہ زنجیر کا گلہ
جاری ہے صبح شام عبادت کا سلسلہ — ١٤ — ہر دم رواں ہے چشم سے اشکوں کا قافلہ
گردن جھکی ہوئی ہے خدا پر نگاہ ہے
لب پر کبھی تو آہ کبھی لا اِلٰہ ہے

(તે સબ્ર અને શુક્રનું જ રટણ કરે છે, અલ્લાહ! અલ્લાહ! આ કેવો હોસલો છે! ન તો તોકની ફરિયાદ છે કે ન ઝંજીરની શિકાયત. સવાર–સાંજ ઈબાદતનો સિલસિલો ચાલુ છે. દરેક ક્ષણે આંખોમાંથી આંસુઓનો સમૂહ વહેતો જ રહે છે. ગરદન ઝૂકી ગયેલી છે, પરંતુ અલ્લાહ તરફ જ ધ્યાન છે. હોઠો પર કોઈ વખત નિસાસો છે તો કોઈ વખત 'લા ઈલાહ'નો ઝિક્ર છે.)


ZAHAB
JEWELLERS
હવે, ધોળકા અને
હિંમતનગર શહેરમાં
ભવ્ય શો-રૂમ સાથે
જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા
100%
100%
Zahab Jewellers
+91 99254 22977
દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ, ગુજરાત-383001
+91 95371 12977
ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઇવે, ધોળકા, ગુજરાત-382225
સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)
www.zahabjewellers.com

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

**હઝરત અલી (અ.) અને તબૂકની લડાઈ**

હિજરતના નવમા વર્ષના રજબ મહીનામાં રસૂલે અકરમ (સ.)ને જાણકારી મળી કે હિજાઝની સરહદો નજીક રહેવાવાળા રૂમી લોકો પોતાના વિસ્તારમાં અરબો ઉપર હુમલા કરવા માટે એક શક્તિશાળી લશ્કર તૈયાર કરી રહ્યા છે. આ સમાચાર મળતાં જ રસૂલે અકરમ (સ.)એ નિર્ણય લઈ લીધો કે આપ (સ.) જાતે જ એક એવા લશ્કર સાથે તેમનો સામનો કરશે કે જે હુમલાખોરોના બળવાને સમાપ્ત કરી શકતું હોય. તેથી આપ (સ.)એ તે બળવાને દબાવવાની ઝુંબેશમાં ભાગ લેવા માટે હિજાઝની નજીક ફેલાયેલા અરબ કબીલાઓને સંદેશા મોકલ્યા અને તેમને હિજાઝની તે હદો સુધી પોતાની સાથે ચાલવા માટે તૈયાર કર્યા કે જે રૂમીઓની હદો સાથે મળતી હતી. આ હેતુ માટે વધુમાં વધુ ખાધાખોરાકીનો સામાન અને બીજી જરૂરિયાતો ઉપલબ્ધ કરવાનો હુકમ આપી દીધો. તેમનામાંથી રસૂલે ખુદા (સ.)ની હાકલ ઉપર તે લોકોએ લબ્બૈક કહી કે જેમનાં દિલ ઈમાનના નૂરથી રોશન હતાં અને તેઓને અલ્લાહના તે વચન ઉપર ભરોસો હતો કે, તેણે (અલ્લાહે) પોતાની રાહમાં માલ અને જાનથી લડવાવાળા સાથે કર્યો છે. જેથી તે લોકોએ — આ એ વર્ષ કે જેને ઈતિહાસકારોએ 'ઉસ્રતનું વર્ષ' (મુશ્કેલીઓનું વર્ષ) કહ્યું છે — દુકાળ હોવા છતાં પોતાનાં સ્ત્રીઓ અને બાળકોનો વિચાર ન કર્યો અને બધાં પુરુષો અને સ્ત્રીઓએ લશ્કરનો ખર્ચ પૂરો પાડવા માટે જેટલો માલ તેમની પાસે હતો, તે બધો આપી દીધો. બીજી તરફ રસૂલે અકરમ (સ.)એ પોતાની સમજણથી મુનાફિકો અને કાચા ઈમાનના લોકોના ફિત્નાનો પૂરો બંદોબસ્ત કરી લીધો, જેમ કે તફસીર લખવાવાળા એક જૂથનું કહેવું છે કે અલ્લાહ તઆલાએ તે સમયે સૂરા તૌબા નાઝિલ કર્યો કે જે જિહાદને પ્રોત્સાહન આપે છે, મુનાફિકો અને જંગથી સંતાતા લોકોને વખોડે છે, અને તેમને સખત અઝાબથી ખબરદાર કરે છે. રસૂલે અકરમ (સ.) માટે જરૂરી થઈ ગયું હતું કે તે લોકોની બાબતમાં એક દૃઢ અને સખત વલણ અપનાવે કે જેઓ યોજનાઓ બનાવતા

હતા અને લોકોને આપ (સ.)થી વિમુખ કરી રહ્યા હતા. તેથી આપ (સ.) મજબૂર થઈ ગયા કે તે ઘરને, તે માણસો સાથે બાળી નખાવે કે જેમાં તેઓ રક્ષણ લઈને લોકોને રસૂલે અકરમ (સ.)થી વિમુખ કરવા અને આપ (સ.)ના હેતુઓને તહસનહસ કરવાની યોજનાઓ તૈયાર કરતા રહેતા હતા. તેમ છતાં, ઘણી મુશ્કેલીઓ પછી આપ (સ.)એ ત્રીસ હજારનું એક લશ્કર તૈયાર કરી લીધું.

ઈબ્ને સઅદની 'અત્તબકાતુલ કુબરા'માં અને 'સીરતે ઈબ્ને હિશામ'માં આવ્યું છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબૈ તેના સાથીઓ સાથે મદીનાથી નીકળ્યો અને શહેરની બહાર રોકાયો. ઈતિહાસકારોની ધારણા મુજબ, તેનું લશ્કર રસૂલે અકરમ (સ.)થી ઓછામાં ઓછું બમણું હતું, પરંતુ જ્યારે આપ (સ.) પોતાના લશ્કરને લઈને રવાના થયા, તો ઈબ્ને અબી પોતે અને તેનું લશ્કર પાછળ રહી ગયું અને મદીના પાછા જતા રહ્યા. આ લડાઈના સમયે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને મદીનામાં પોતાના વારસદાર બનાવ્યા. તેથી ફક્ત આ જ એક લડાઈ છે કે જેમાં હઝરત અલી (અ.)એ ભાગ લીધો ન હતો. જો આ લડાઈમાં મુનાફિકોના જુદા પડી જવા પર, પછી મુસલમાનોને રસૂલે અકરમ (સ.)થી દૂર કરવા માટેના તેમના લગાતાર પ્રયત્નો પર, તેમ જ ઈબ્ને ઉબૈ અને તેના જૂથ — કે જેમની સંખ્યા સીરતે ઈબ્ને હિશામમાં જણાવ્યા મુજબ, રસૂલે અકરમ (સ.)ના લશ્કર કરતાં ઓછી તો ન હતી —ના વલણ ઉપર નજર નાખવામાં આવે, તો દરેક વાચક એ જોઈ લેશે કે તે લડાઈના સમયે હઝરત અલી (અ.)નું મદીનામાં રહેવું ઈસ્લામ માટે ઘણું જરૂરી હતું, કેમ કે તેના પહેલાં મુનાફિકો અથવા કેટલાક મુસલમાનોની વર્તાણૂકથી એ જાહેર થઈ ગયું હતું કે જો રસૂલે અકરમ (સ.) ત્યાં એવી શક્તિશાળી વ્યક્તિને પોતાનો વારસદાર ન બનાવતા કે જેનાથી લોકો ડરતા હોય, અને જેનાં શક્તિ અને તાકાતનો ભય તેમના ઉપર છવાયેલાં હોય, તો મદીનામાં તે લોકોનું અસ્તિત્વ ઈસ્લામ માટે ખતરો બની જશે. જાહેર છે કે આવા ગુણ હઝરત અલી (અ.) સિવાય કોઈ બીજામાં ન હતા.

જ્યારે રસૂલે અકરમ (સ.) તબૂક તરફ રવાના થઈ ગયા, તો તે મુનાફિકોને હઝરત અલી (અ.) નું મદીનામાં સત્તા ઉપર રહેવું ઘણું ખોટું લાગ્યું, કેમ કે તે સમજી ગયા હતા કે તેમની હાજરીમાં તેઓ કાંઈ કરી શકશે નહીં, તેથી તેમણે તેમની મજલિસોમાં ઊઠતાં–બેસતાં એવી વાત જાહેર કરી દીધી કે રસૂલે અકરમ (સ.) હઝરત અલી (અ.) ને અણગમાના કારણે મદીનામાં મૂકતા ગયા છે. જ્યારે હઝરત અલી (અ.)ને તેની જાણ થઈ, તો તેઓ પોતાની તલવાર અને હથિયાર લઈને રસૂલે અકરમ (સ.)ની સેવામાં પહોંચ્યા. જ્યારે આપ (સ.) મકામે જરફમાં નુઝૂલે ઈજલામલ (આરા)

ફરમાવી રહ્યા હતા, ત્યારે આપ (અ.)એ અરજ કરી, "અય રસૂલલ્લાહ! મુનાફિકો એ સમજી રહ્યા છે કે આપે મને એટલા માટે મૂક્યો છે કે હું આપના ઉપર ભારરૂપ છું અને આપ મને પોતાનાથી દૂર રાખવા ઈચ્છતા હતા." ત્યારે તબરી, ઈબ્ને હિશામ, અબી ફ્દાઅ અને તારીખે યાકૂબી, વગેરેની રિવાયત પ્રમાણે રસૂલે અકરમ (સ.)એ જવાબમાં ફરમાવ્યું, "અય અલી! મેં તમને મારી પાછળ એટલા માટે મૂક્યા છે કે મદીનાની વ્યવસ્થા મારા કે તમારા વિના સારી રીતે થઈ શકતી નથી. તમે મારી અહલેબૈતમાં, મારી હિજરતના સ્થાને અને મારી કોમમાં મારા વારસદાર છો. શું તમે તેનાથી રાજી નથી કે તમને મારાથી એ જ નિસ્બત છે કે જે હારૂન (અ.)ને મૂસા (અ.)થી હતી, સિવાય કે મારા પછી નબી નથી."[1]

(સહીહ મુસ્લિમ, જિલ્દ–૩, સફહા–૬૩૨, હદીસ –૨૬૧૮, મત્બૂઆ મક્તબા, રહમાનીયા, લાહોર; રિઝવાની).

બધા ઈતિહાસકારો અને હદીસકારોની તેના ઉપર સંપૂર્ણ સહમતી છે કે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને આ જ વાક્ય ઈર્શાદ ફરમાવ્યું, પરંતુ અહમદે પોતાની મસ્નદમાં તેના ઉપર આ વધારો કર્યો કે આપ (સ.)એ આપ (અ.)થી એવું પણ ફરમાવ્યું, "જ્યાં સુધી આપ મારા જાનશીન ન બનો, ત્યાં સુધી મારું જવું યોગ્ય નથી."

ફિરોઝાબાદીની 'ફઝાઈલુલ ખમ્સા' પૃષ્ઠ નં. ૨૯૯ ઉપર છે કે અહમદના શબ્દોમાં જણાવેલી હદીસ નિસાઈની 'ખસાઇસ'માં, ઈમામ શાતિબીની 'મુવાફિકાત'માં અને હૈસમીની 'મજ્મઉલ ઝવાઈદ', વગેરેમાં પણ છે.

એમાં કોઈ શંકા નથી કે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.)ને આવું ફરમાવ્યું અને તેમને તે કારણોને લીધે મદીનામાં પોતાના વારસદાર તરીકે મૂક્યા કે જેમની વાત અમે કરી દીધી છે, પરંતુ આ હુકમ અનુમાનથી દૂર નથી કે હઝરત અલી (અ.) ને આ હુકમ ભારે લાગ્યો કે તેઓ ઈસ્લામની આ લડાઈમાં ગેરહાજર રહે, ખાસ કરીને જ્યારે રસૂલે અકરમ (સ.) એક એવા દુશ્મનનો સામનો કરવા જઈ રહ્યા હતા કે જે સંખ્યામાં, સાધન–સામગ્રીમાં ઘણો ચડિયાતો હતો. એટલા માટે તેમની આ ઈચ્છા રહી હશે કે તે રસૂલે અકરમ (સ.)ના સાથે રહીને જાનો–તનથી આપ (સ.)ના ઉપર કુરબાન થઈ જાય, જેમ કે બીજી લડાઈઓમાં કરતા આવ્યા હતા. રસૂલે અકરમ (સ.)ને પણ એવું લાગ્યું, ત્યારે આપ (સ.)એ આ વાક્યો ઈર્શાદ ફરમાવ્યાં કે જેમના ઉપર ઈતિહાસકારો અને હદીસકારોની સંમતિ છે, પરંતુ શબ્દો પણ એ જ ફરમાવ્યા જે અહમદ ઈબ્ને હંબલ, હૈસમી, નિસાઈ, હાફિઝ દિમશ્કી અને અહલેબૈત (અ.)ના ઈમામોથી રિવાયત કરવાવાળા

1 રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "અય અલી! શું તમે આ બાબત ઉપર રાજી નથી કે તમારી સ્થિતિ મારા ત્યાં એવી જ છે કે જેવી હઝરત હારૂન (અ.)ની હઝરત મૂસા (અ.) ને ત્યાં હતી, સિવાય કે મારા પછી કોઈ નબી નથી.

શીઆ હદીસકારોએ જણાવ્યા છે. રસૂલે અકરમ (સ.)એ આ શબ્દો એટલા માટે ફરમાવ્યા કે જેથી મુસલમાનો સમજી લે કે આપ (સ.)ના પછી તે સમયે, અને આપ (સ.)ના આ દુનિયાથી વિદાય થઈ ગયા પછી પણ, હઝરત અલી (અ.) જ આપ (સ.)ના વારસદાર હશે.

અલબત્ત, આ વાત શંકાસ્પદ લાગે છે કે મુનાફિકોની ઉશ્કેરણીજનક વાતોથી હઝરત અલી (અ.) એટલા ઉશ્કેરાઈ ગયા હોય કે આપ (અ.) પોતાનાં હથિયારો લઈને રસૂલે અકરમ (સ.) પાસે આવ્યા હોય અને જે કાંઈ સાંભળ્યું હતું તેની ફરિયાદ રસૂલે અકરમ (સ.)થી કરીને તેના પરિણામની ઈચ્છા કરી હોય, કેમ કે હઝરત અલી (અ.)નો મર્તબો તેનાથી ઘણો ઊંચો છે કે તેઓ આવી બાબતમાં કોઈ મુશરિક અથવા મુનાફિક પાસેથી સાંભળેલી વાતોને આપ (સ.)થી રજૂ કરે.

(ક્રમશ:)


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે કોઈને પણ અલ્લાહે મારાં અહલેબૈત (અ.)માંથી અઈમ્મા (અ.)ની મોહબ્બત અતા કરી, તો તેણે દુનિયા અને આખેરતની નેકી પામી લીધી, એટલે તેણે ક્યારેય પણ શક ન કરવો જોઈએ કે તે જન્નતમાં નહીં હોય..."*

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "અલ્લાહ સાથે એટલા માટે મોહબ્બત કરો કે તે તમને દરરોજ નવી નેઅમત આપે છે, અને મને અલ્લાહ અઝ્ઝ વ જલ્લની મોહબ્બત ખાતર મોહબ્બત કરો, તથા મારાં અહલેબૈત (અ.)ને મારા ખાતર મોહબ્બત કરો."*

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "તમારામાંથી કોઈ પણ ત્યાં સુધી ઈમાન નથી લાવતો કે જ્યાં સુધી તે મને પોતાની જાત કરતાં વધારે મોહબ્બત ન કરે, તે મારાં અહલેબૈત (અ.)ને પોતાનાં અહલેબૈત કરતાં વધારે મોહબ્બત ન કરે, મારી ઈતરતને પોતાની ઈતરત કરતાં વધારે મોહબ્બત ન કરે, તથા મારી ઓલાદને પોતાની ઓલાદ કરતાં વધારે મોહબ્બત ન કરે."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૧૦૭

# الإرشاد
# અલ ઈર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

**ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)**

## ઈમામ અબૂ જાફર અલ જવાદ (અ.)ના મોઅજિઝા અને ઈમામતની દલીલો

આપ (અ.)ની ઉંમર નાની હોવા છતાં આપ (અ.) મહાન ફઝીલતોના માલિક હતા. તત્ત્વજ્ઞાન અને સાહિત્યમાં આપ (અ.)ની સરખામણી કોઈ કરી શકતું ન હતું. આપ (અ.)ની સમજણ અને બૌદ્ધિક પરિપક્વતાની બરાબરી તે સમયના કોઈ વિદ્વાનો કરી શકતા ન હતા. તે બધા ગુણોને જોઈને મામૂને પોતાની દીકરી ઉમ્મે ફઝલની શાદી આપ (અ.)ની સાથે કરાવી દીધી. શાદી પછી આપ (અ.) પોતાની પત્નીને લઈને મદીના ગયા.

હસન ઈબ્ને મોહંમદ ઈબ્ને સુલયમાને અલી ઈબ્ને ઈબ્રાહીમ ઈબ્ને હાશિમના હવાલાથી, અને તેમણે તેમના વાલિદના હવાલાથી અને તેમણે રય્યાન ઈબ્ને શબીબના હવાલાથી જણાવ્યું છે કે તેઓ કહેતા હતા કે,

“જ્યારે મામૂને એવી ઈચ્છા જાહેર કરી કે તે પોતાની બેટી ઉમ્મે ફઝલની શાદી ઈમામ અબૂ જાફર મોહંમદ ઈબ્ને અલી અલ જવાદ (અ.) સાથે કરવા માગે છે, તો આ સમાચાર બની અબ્બાસમાં ફેલાઈ ગયા અને આ સમાચારથી તેમને આઘાત લાગ્યો અને તેઓ ખૂબ ચિંતિત થયા. તેમને એવો ડર હતો કે ખિલાફત સમાપ્ત ન થઈ જાય. આવી જ ચિંતા ઈમામ રઝા (અ.)ના સમયે પણ થઈ હતી.

બની અબ્બાસના વગદાર લોકોએ મામૂનને મળીને તેને કહ્યું કે, “અય અમીરુલ મોમિનીન! અલ્લાહ અમારાં દિલોની હાલતથી વાકેફ છે એટલા જ માટે અમે અલ્લાહને હાજરાહજૂર જાણીને આપને વિનંતી કરીએ છીએ કે જે યોજના આપે બનાવી છે તેના ઉપર અમલ ન કરતા અને આપની દીકરીની શાદી ઈમામ રઝા (અ.)ના દીકરા સાથે ન કરતા. જો આ શાદી થઈ ગઈ, તો સત્તા અને ખિલાફત આપણા કુટુંબ પાસેથી ચાલી જશે. આપ તો જાણો જ છો કે અલ્લાહે આપણને સત્તા આપી છે, પરંતુ શાદી પછી અમને બીક છે કે આપણને

સત્તા અને ખિલાફતથી દૂર કરી દેવામાં આવશે. આપ તે ઘટનાઓથી પણ સારી રીતે માહિતગાર છો કે આપણા કુટુંબ અને તેમના કુટુંબ વચ્ચે સારા સંબંધો ન તો પહેલાં હતા, અને ન અત્યારે છે. આપના પહેલાં બની અબ્બાસના જે ખલીફાઓ થયા, તેમના વિચારો અને કાર્યપદ્ધતિ તે લોકો સાથે ઘણી સખત રહી છે. તેથી જ તે લોકો આપણી સામે માથું ઊંચું કરી શકતા નથી. અમે લોકો તે સમયે પણ દુઃખી થયા હતા જ્યારે આપે ઈમામ રઝા (અ.)ને વારસદાર તરીકોનો હોદ્દો આપ્યો હતો, પરંતુ ત્યાર પછી અલ્લાહે આપણને સાથ આપ્યો અને મામલો સમાપ્ત થઈ ગયો. અલ્લાહ ખાતર જે મુસીબતોથી અમને નજાત મળી છે તેને ફરીથી અમારા પર ન લાવો. આપને અમારી વિનંતી છે કે પોતાના નિર્ણય ઉપર ફેરવિચાર કરો અને ઈમામ રઝા (અ.)ના બેટાને જમાઈ ન બનાવો, પરંતુ કોઈ બહેતર યુવાનને આ સગપણ માટે પસંદ કરી લો. વધારે સારું તો એ છે કે તમારી બેટીની શાદી કુટુંબમાં જ કરી દો."

આ સાંભળીને મામૂને તેમની સખત શબ્દોમાં ટીકા કરી, અને પોતાની વાત પર મક્કમ રહ્યો અને તેમની એકપણ વાત ન સાંભળી.

"આ યુવાને ભલે તમને પ્રભાવિત કર્યા હોય, પણ તેમને માર્ગદર્શનની જરૂર છે," તે લોકોએ કહ્યું, "તેઓ હજુ અણસમજુ યુવક છે. તેથી, એવાં પગલાં ભરવામાં આવે કે જેનાથી તેઓ દીની ઈલ્મ ઉપર વધુ નિપુણતા મેળવી લે. ત્યાર પછી જ આપ પોતાની દીકરીની શાદી તેમની સાથે કરો."

"અફસોસ છે તમ લોકો ઉપર," મામૂન ઘૂરક્યો, "હું આ યુવકને તમારાથી વિશેષ જાણું છું. તે યુવાનનો સંબંધ એવા કુટુંબથી છે કે જેને અલ્લાહે દરેક પ્રકારના ઈલ્મથી નવાજ્યું છે. આ તે લોકો છે કે જેઓ અલ્લાહની મોહબ્બતમાં ડૂબેલા રહે છે અને અલ્લાહ પણ તે લોકો સાથે મોહબ્બત કરે છે. તે યુવાનના બાપદાદાને અલ્લાહે દીની ઈલ્મથી માલામાલ કરેલા છે અને તે લોકોની ઈલ્મો–અદબની જાણકારી પણ બધા લોકો કરતાં વધારે જ રહી છે. તેઓ ઈલ્મો–અદબની સંપૂર્ણતાના દરજ્જા ઉપર છે. જો તમે ઈચ્છો તો અબૂ જાફર અલ જવાદ (અ.)ની કસોટી કરી શકો છો, જેથી તેઓ મેં જે ગુણોનું વર્ણન કર્યું એનો પરચો તમને બતાવી દેશે."

તેમણે જવાબ આપ્યો, "અય અમીરુલ મોમિનીન, અમે તમારા અને અમારા વતી તેમની કસોટી લેવા તૈયાર છીએ. તો ચાલો આપણે કોઈ આલિમને નિયુક્ત કરીએ જે તમારી હાજરીમાં, ફિક્હના કોઈ મસઅલા વિષે તેમને સવાલો કરે. જો તેઓ તેના સાચા જવાબ આપશે, તો અમને

તેમના માટે કોઈ મતભેદ રહેશે નહીં. અને આનાથી ઉમરાવ વર્ગ અને સામાન્ય જનતા બન્ને આગળ અમીરુલ મોમિનીનનો સાચો દૃષ્ટિકોણ જાહેર થશે. જો કે, જો તેઓ આમાં નિષ્ફળ રહ્યા, તો આપણે એક ન ભરપાઈ થઈ શકે તેવા નુકસાનથી સુરક્ષિત થઈ જઈશું."

મામૂને તેમને કહ્યું, "તે તમારો મામલો છે અને તમે જ્યારે પણ ઈચ્છો ત્યારે તેનું આયોજન કરી શકો છો."

તે લોકો જતા રહ્યા અને તેમણે યહ્યા ઈબ્ને અક્સમ સાથે મુલાકાત કરી. તેઓ તે સમયના અગ્રણી કાઝી હતા. બધા લોકો આમાં એકમત હતા કે યહ્યા ઈમામ (અ.)ને જે પણ સવાલ કરશે, તેનો જવાબ અબૂ જાફર અલ જવાદ (અ.) આપી શકશે નહીં. તે લોકોએ યહ્યા ઈબ્ને અક્સમને ખાતરી આપી કે તે લોકો તેમને કીમતી ભેટોથી માલામાલ કરી દેશે. પછી તે લોકો મામૂનની પાસે આવ્યા અને મુનાઝરાનો દિવસ નક્કી કરવામાં આવ્યો. બધા લોકો સહમત થયેલા દિવસે એકઠા થયા. યહ્યા ઈબ્ને અક્સમ પણ આવ્યા. મામૂને હુકમ આપ્યો કે અબૂ જાફર અલ જવાદ (અ.) માટે એક બેઠક લાવવામાં આવે. તેનું પણ આયોજન થઈ ગયું. ઈમામ (અ.) આવીને પોતાની જગ્યાએ બેસ્યા. તે સમયે આપ (અ.)ની ઉંમર નવ વર્ષ અને અમુક મહીનાઓની હતી. ઈમામ અલ જવાદ (અ.)ની ખુરસીની સામે યહ્યા ઈબ્ને અક્સમ બેઠા હતા. મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. ખલીફા મામૂનની બેઠક ઈમામ જવાદ (અ.)ની બાજુમાં હતી.

"અય અમીરુલ મોમિનીન! આપ મને રજા આપો કે હું અબૂ જાફરને પ્રશ્ન કરું," યહ્યા ઈબ્ને અક્સમે મામૂનને કહ્યું.

"તમે તેમની (અલ જવાદ (અ.)ની) રજા માગો," મામૂને જવાબ આપ્યો.

ત્યારે યહ્યા ઈબ્ને અક્સમે ઈમામ (અ.)ને સંબોધીને કહ્યું, "મારો જીવ આપના ઉપર કુરબાન થાય, શું આપ મને પ્રશ્ન પૂછવાની રજા આપો છો?"

"પૂછો, જે આપ પૂછવા ઈચ્છો," અબૂ જાફર (અ.)એ કહ્યું.

યહ્યા ઈબ્ને અક્સમે કહ્યું, "હું આપના ઉપર ફિદા થઈ જાઉં, આપ એવા મુહરિમ (હજ માટે એહરામ બાંધેલ માણસ) વિષે શું કહેશો જેણે કોઈ જાનવરનો શિકાર કરી દીધો હોય?"

અબૂ જાફર અલ જવાદ (અ.)એ પૂછ્યું, "શું તેણે જાનવરને હરમની હદની બહાર માર્યું કે હરમની અંદર? શું તે મુહરિમે તેને જાણીજોઈને માર્યું કે અજાણતામાં, ઈરાદાપૂર્વક કે ભૂલથી? શું તે મુહરિમ આઝાદ હતો કે ગુલામ, યુવાન

હતો કે વૃદ્ધ, મારવામાં બિનઅનુભવી હતો કે અનુભવી? શું શિકાર કરાયેલું પ્રાણી પાંખવાળું હતું કે પાંખવિહોણું, તે નાનું હતું કે મોટું? જાનવરને મારી નાખ્યા પછી શું તે માણસ તેના કાર્યથી ગર્વ અનુભવી રહ્યો હતો કે પસ્તાવો કરતો હતો? શું જાનવરનો શિકાર દિવસમાં કરવામાં આવ્યો હતો કે રાતમાં? જ્યારે તેણે હત્યા કરી ત્યારે તે ઉમરાનાં અરકાન કરી રહ્યો હતો કે હજનાં?

યહ્યા ઈબ્ને અક્સમ આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. તેમના મોઢા પરથી ચોખ્ખું જણાતું હતું કે તેઓ આ જાણકારીઓ મેળવવાની પાત્રતા ધરાવતા ન હતા અને પ્રત્યુત્તર આપવા માટે અસમર્થ હતા. તેમની જીભમાં ખચકાટ આવી ગઈ અને તે તોતડાવા લાગી. ત્યાં હાજર રહેલા લોકોએ સમજી લીધું કે તેમની હાલત બરાબર નથી.

"અલ્હમ્દોલિલ્લાહ! અલ્લાહે મને મોટી આબરૂથી નવાજ્યો છે અને તેણે મારા નિર્ણયને સાચો સાબિત કરી દીધો છે," મામૂને કહ્યું. તેના પછી તેણે બની અબ્બાસના લોકોની તરફ જોયું અને કહ્યું, "હવે તમે એ વાતને સ્વીકારો છો કે જેનો તમે ઈનકાર કરતા હતા?" આટલું કહીને મામૂન ઊઠ્યો અને અબૂ જાફર (અ.)ની પાસે જઈને પૂછ્યું કે, "અય અબૂ જાફર! શું આપ કોઈ ખુત્બો આપવા ઈચ્છો છો?"

"હા, અમીરુલ મોમિનીન!" આપ (અ.)એ જવાબ આપ્યો.

મામૂને કહ્યું, "આપ દિલ ખોલીને અમને સંબોધન કરો, આ જ મારા દિલની ઈચ્છા છે. મારો નિર્ણય અટલ છે. હું મારી દીકરી ઉમ્મે ફઝલની શાદી આપની સાથે જ કરાવીશ, ભલે ને લોકો કેટલોય વિરોધ કરે."

અબૂ જાફર અલ જવાદ (અ.)એ કહ્યું, "અલ્હમ્દોલિલ્લાહ! એ જ નેઅમતોનો આપવાવાળો છે. અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ નથી, એ જ વાહિદ છે. મોહંમદ (સ.) પર દુરૂદો સલામ થાય કે જેઓ મખ્લૂકના સરદાર છે અને સલામ થાય આપ (સ.)ની અહલેબૈત (અ.) ઉપર કે જેમને અલ્લાહે પાકોપાકીઝા રાખ્યાં છે. અલ્લાહે તેની મખ્લૂકને હરામ અને હલાલનો ફેર જણાવીને અહેસાન કર્યો છે." આટલું કહીને આપ (અ.)એ આ આયતની તિલાવત કરી:

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ
وَاِمَآئِكُمْ ؕ اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ
وَاسِعٌ عَلِيْمٌ ﴿٣٢﴾

*"તમારામાંથી અવિવાહિતોના નિકાહ કરાવો, અને તમારા નેક ગુલામો અને કનીઝોના પણ. જો તેઓ જરૂરિયાતમંદ હશે, તો અલ્લાહ તેની મહેરબાનીથી તેમને માલદાર બનાવી દેશે, અને અલ્લાહ તો છે જ સર્વવ્યાપી અને સર્વજ્ઞાની."*

(સૂરા નૂર, આયત-૩૨)

આથી, મોહંમદ બિન અલી બિન મૂસાની સગાઈ અલ્લાહના બંદા મામૂનની પુત્રી ઉમ્મે ફઝલ સાથે થશે. તેમણે તેના માટે મહેર તરીકે તેમનાં દાદી, ફાતેમા બિન્તે મોહંમદ (અ.)ની મહેર નક્કી કરી છે, જે પાંચસો દિરહમ છે. અમીરુલ મોમિનીન, શું આપ મહેરે માલૂમ પર તેમનાં લગ્ન તેમની સાથે કરાવશો?"

મામૂને જવાબ આપ્યો, "અય અબૂ જાફર, હા, હું આપના નિકાહ મારી પુત્રી ઉમ્મે ફઝલ સાથે મહેરે માલૂમ પર કરાવીશ. આપ નિકાહ માટે રાજી છો?"

"મને કબૂલ છે," અબૂ જાફર અલ જવાદ (અ.)એ જવાબ આપ્યો.

મામૂને લોકોને દરબારીઓ અને આમ જનતાની હરોળમાં હોદ્દા મુજબ બેસવાનો આદેશ આપ્યો. (ક્રમશ:)

**ગડમથલ નં.૩૯૮નો ઉકેલ**

**આડી ચાવીઓ:** (૧) અદાવત (૪) હરકત (૭) દાવત (૮) કસીર (૯) નસીમ (૧૧) દમન (૧૩) તલા (૧૪) બદી (૧૫) વાદી (૧૭) નાબીના (૨૦) રિવાઝ (૨૨) માહ (૨૩) મસ (૨૫) રકમ (૨૭) લબ (૨૯) દાર (૩૧) લકબ (૩૪) તૌર (૩૫) યદ (૩૬) બદલા (૩૭) સન **ઊભી ચાવીઓ:** (૧) અદાલત (૨) દાવ (૩) વતન (૪) હક (૫) રસીદ (૬) કરમ (૧૦) મદીના (૧૨) નદારદ (૧૫) લાવારિસ (૧૬) દીવા (૧૮) બીમાર (૧૯) નાહક (૨૧) ઝવાલ (૨૩) મતલબ (૨૬) મદાયન (૨૮) બતૌર (૩૦) રદ




SINCE : 2007
એપોઈન્ટમેન્ટ માટે +91 72839 06429
શિફા
આયુકેર & એનોરેક્ટલ હોસ્પિટલ
ડૉ.આબિદઅલી ટી. ઘરખડ
GB : 16133 (B.A.M.S)
(જનરલ ફિઝિશિયન એન્ડ આયુર્વેદિક કન્સલ્ટન્ટ)
ડૉ.ઝાકિરહુસૈન એ. ગઘેડીયા
GBI : 27186 (B.A.M.S, C.K.S.T)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજિસ્ટ & જનરલ ફિઝિશિયન
જૂના રોગોની આયુર્વેદિક સારવાર
હાડકાના રોગો જેવા કે
કમરનો, એડીનો, ઘૂંટણનો, વાનો, ચિકનગુનિયા, ખભા અને સાંધાના દુઃખાવાની સારવાર.
સ્ત્રીઓના રોગો જેવા કે
શરીર ધોવાવું, સફેદ પાણી પડવું, રક્તપ્રદર, દુર્બળતા, વાંજિયાપણુંની સારવાર.
ચામડીના રોગો જેવા કે
ખરજવું, એલર્જી, તજાગરમી, વાઢીયા, સોરિયાસિસ, ખસની સારવાર.
પાચનતંત્રના રોગો જેવા કે
એસીડીટી, ગેસ, કબજિયાત અને લિવરનાં રોગોની સારવાર.
શ્વસનતંત્રના રોગો જેવા કે
શ્વાસ, જૂની ખાંસી, એલર્જી, ઉધરસ, કાકડા ફુલવા વગેરે રોગોની સારવાર.
આ ઉપરાંત વજન વધવું, વજન ઘટવું, ડાયાબિટીસ વગેરેની સારવાર પણ કરવામાં આવશે.
હરસ
મસા
ભગંદર
શરમ, સંકોચ છોડો, સંકોચ ન કરો, સારવાર કરાવો.
શું તમને નીચે મુજબની તકલીફ છે?
• મળ માર્ગમાં અસહ્ય દુઃખાવો, બળતરા થવી, લોહી પડવું, ડીલીવરી પછી મળ માર્ગમાં તકલીફ થવી.
આયુર્વેદિક અને આધુનિક પદ્ધતિ દ્વારા ઉપરના રોગોનું નિદાન અને સારવાર
આયુર્વેદિક ચિકિત્સાના ફાયદા
રોગ ફરીવાર થવાની શક્યતા નહિવત.
હોસ્પિટલમાં લાંબો સમય દાખલ રહેવું પડતું નથી.
WHO દ્વારા માન્ય થયેલ ક્ષારસૂત્ર પદ્ધતિ દ્વારા ભગંદર અને મસા ની સારવાર.
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
વીઝીટીંગ ડોક્ટર જેવા કે એમ.ડી. ફિઝિશિયન, જનરલ સર્જન, ઓર્થોપેડિક સર્જન અને પિડીયાટ્રિશીયન(બાળકોના ડૉક્ટર)વગેરેની સુવિધા.
ઇ. સી. જી., લેબોરેટરી, ગ્લુકોમીટર, નેબ્યુલાઈઝર, ઓક્સિજન, મલ્ટિપેરા મોનિટર, નાડી તરંગીની મશીન અને કયુરા લેજર વગેરેની સુવિધા.
હરસ, મસા, ભગંદર, પગના ચામેઠા, શરીર પર ના મસા, ગાંઠ જેવા રોગોની આયુર્વેદિક તથા લેજર ટેકનિક દ્વારા ઓપરેશન.
દાખલ દર્દી માટે સ્પેશિયલ, સેમી સ્પેશિયલ તથા કોમન રૂમની સુવિધા.
મહેરબાગની બાજુમાં, ગામઃ બાદરપુર, તાઃ વડનગર, જિઃ મહેસાણા-૩૮૪૩૫૫

# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદકઃ હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદે.)

## اَلْبَابُ الْعَاشِرُ فِي الشُّكْرِ

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: فِيْ كُلِّ نَفَسٍ مِّنْ اَنْفَاسِكَ شُكْرٌ لَّازِمٌ لَّكَ بَلْ اَلْفٌ اَوْ اَكْثَرُ، وَاَدْنَى الشُّكْرِ رُؤْيَةُ النِّعْمَةِ مِنَ اللهِ تَعَالٰى مِنْ غَيْرِ عِلَّةٍ يَّتَعَلَّقُ الْقَلْبُ بِهَا دُوْنَ اللهِ عَزَّ وَجَلَّ وَالرِّضَا بِمَا اَعْطٰى، وَاَنْ لَّا تَعْصِيَهُ بِنِعْمَتِهٖ وَتُخَالِفَهُ بِشَيْءٍ مِّنْ اَمْرِهٖ وَنَهْيِهٖ بِسَبَبِ نِعْمَتِهٖ، فَكُنْ لِلّٰهِ عَبْدًا شَاكِرًا عَلٰى كُلِّ حَالٍ، تَجِدِ اللهَ رَبًّا كَرِيْمًا عَلٰى كُلِّ حَالٍ، وَلَوْ كَانَ عِنْدَ اللهِ تَعَالٰى عِبَادَةٌ تَعَبَّدَ بِهَا عِبَادُهُ الْمُخْلَصُوْنَ اَفْضَلَ مِنَ الشُّكْرِ عَلٰى كُلِّ لَّاَطْلَقَ لَفْظَةً فِيْهِمْ مِنْ جَمِيْعِ الْخَلْقِ بِهَا، فَلَمَّا لَمْ يَكُنْ اَفْضَلُ مِنْهَا خَصَّهَا مِنْ بَيْنِ الْعِبَادَاتِ وَخَصَّ اَرْبَابَهَا فَقَالَ: "وَقَلِيْلٌ مِّنْ عِبَادِيَ الشَّكُوْرُ."

## બાબ – ૧૦: શુક્ર વિષે

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તારા શ્વાસમાંથી દરેક શ્વાસે તારા માટે શુક્ર જરૂરી છે, બલ્કે હજાર ઘણો અથવા તેના કરતાં પણ વધારે. અને અદના શુક્ર એ છે કે અલ્લાહ તઆલાની નેઅમતને કોઈ પણ કારણ વગર નિહાળવી, તેનાથી પોતાના દિલને ન જોડી દેવું, બલ્કે અલ્લાહની સાથે જોડી દેવું, અને એમાં રાજી રહેવું જે તેણે આપ્યું છે, અને એ પણ (અદના શુક્ર છે કે) તું તેની નેઅમત વડે તેની નાફરમાની ન કરે, અને તું તેની આપેલી નેઅમતના કારણે તેના હુકમમાં અને તેની નહીમાં જરાય પણ મુખાફેલત ન કરે. માટે તું દરેક પરિસ્થિતિમાં અલ્લાહનો શુક્રગુઝાર બંદો બની જા, તો તું અલ્લાહને દરેક પરિસ્થિતિમાં કરીમ પાલનહાર પામીશ. અને જો અલ્લાહની નજરમાં કોઈ એવી ઈબાદત હોત જેને તેના મુખ્લિસ બંદાઓ બજાવી લાવતા હોય કે જે દરેક ઈબાદતમાં શુક્ર કરતાં વધારે અફઝલ હોય તો અલ્લાહ તઆલાએ દરેક મખ્લૂકમાં પોતાના બધા બંદાઓ વચ્ચે તે વાતને ઝીણવટપૂર્વક જરૂર કહી દીધી હોત. પરંતુ જ્યારે તેના કરતાં કોઈ અફઝલ ઈબાદત જ નથી તો અલ્લાહ તઆલાએ તેને

બધી ઈબાદતની વચ્ચે ખાસ કરી દીધી અને શુક્રની ઈબાદત કરવાળાઓને પણ ખાસ કરી દીધા.

અને ફરમાવ્યું, “મારા બંદાઓમાંથી ખૂબ જ ઓછા બંદાઓ શુક્ર કરનાર છે.”[1]

અને શુક્રની સંપૂર્ણતા એ છે કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ ખાતર મુખ્લિસ થઈને તેના અદના શુક્ર સુધી પહોંચવાનો આજિઝ હોવાનો દિલની જબાનથી કરગરતાં કરગરતાં સ્વીકાર કરવો. કારણ કે શુક્રની તૌફીક પણ એક પેદા થયેલ નેઅમત છે કે જેના ઉપર નવો શુક્ર કરવો વાજિબ છે, અને તે તૌફીક કિંમતમાં વધારે છે, અને અસ્તિત્વમાં વધારે ઈજ્જતવાળી છે, એ નેઅમત કરતાં કે જેના કારણે તેને શુક્ર અદા કરવાની તૌફીક મળી. પછી તારા ઉપર આવશ્યક છે દરેક શુક્રના બદલામાં એક નવો શુક્ર અદા કરવો કે જે તેના કરતાં વધારે મહાન હોય, એટલે સુધી કે જેનો કોઈ અંત ન હોય. (તું એટલો શુક્ર અદા કર કે) તેની નેઅમતોમાં ગરકાવ થઈ જાય, તું તારી ક્ષમતાને ટૂંકી માની લે કે તેના શુક્રના છેડાને નહીં સમજી શકે, તો પછી કેવી રીતે બંદો અલ્લાહની નેઅમતનો શુક્ર પામી શકશે? અને કેવી રીતે બંદો અલ્લાહના કાર્યોને પોતાના કાર્યો વડે પામી શકે? જ્યારે કે બંદો તો કમજોર છે કે તેની પાસે જરાય તાકત જ નથી, સિવાય કે અલ્લાહ તઆલા અઝ્ઝ વ જલ્લની મદદ વડે. અને અલ્લાહ તઆલા તો બંદાની ઈતાઅતથી બેનિયાઝ છે, કારણ કે તે બુલંદ છે, અને તે હંમેશાં વધુંને વધું નેઅમત આપવાની શકિત ધરાવે છે, માટે જો તું આ જ કારણે અલ્લાહનો શુક્રગુજાર બંદો થઈ જશે તો તને અજબ દેખાશે.

وَتَمَامُ الشُّكْرِ الْاِعْتِرَافُ بِلِسَانِ السِّرِّ خَالِصًا لِّلّٰهِ عَزَّ وَجَلَّ بِالْعَجْزِ عَنْ بُلُوْغِ اَدْنٰى شُكْرِهٖ، لِاَنَّ التَّوْفِيْقَ فِي الشُّكْرِ نِعْمَةٌ حَادِثَةٌ يَّجِبُ الشُّكْرُ عَلَيْهَا وَهِيَ اَعْظَمُ قَدْرًا وَّاَعَزُّ وُجُوْدًا مِّنَ النِّعْمَةِ الَّتِيْ مِنْ اَجْلِهَا وُفِّقَ لَهٗ، فَيَلْزَمُكَ عَلٰى كُلِّ شُكْرٍ شُكْرٌ اَعْظَمُ مِنْهُ اِلٰى مَا لَا نِهَايَةَ لَهٗ، مُسْتَغْرِقًا فِيْ نِعَمِهٖ عَاجِزًا قَاصِرًا عَنْ دَرْكِ غَايَةِ شُكْرِهٖ، فَاَنّٰى يَلْحَقُ الْعَبْدُ شُكْرَ نِعْمَةِ اللّٰهِ وَمَتٰى يَلْحَقُ صَنِيْعُهٗ بِصَنِيْعِهٖ، وَالْعَبْدُ ضَعِيْفٌ لَّا قُوَّةَ لَهٗ اَبَدًا اِلَّا بِاللّٰهِ تَعَالٰى عَزَّ وَجَلَّ، وَاللّٰهُ تَعَالٰى غَنِيٌّ عَنْ طَاعَةِ الْعَبْدِ فَهُوَ تَعَالٰى قَوِيٌّ عَلٰى مَزِيْدِ النِّعَمِ عَلَى الْاَبَدِ، فَكُنْ لِّلّٰهِ عَبْدًا شَاكِرًا عَلٰى هٰذَا الْوَجْهِ تَرَى الْعَجَبَ.

1 સૂરા સબા, આયત-૧૩

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૩

## ખાવા–પીવાના આદાબ

### (૭) અનાજ, શાકભાજી, મેવા, અને બધી ખાવાની ચીજોના ફાયદાઓનું વર્ણન

હદીસે હસનમાં હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “અંજીર મોઢાની દુર્ગંધને દૂર કરે છે, અને હાડકાંને મજબૂત કરે છે, વાળ વધારે છે, જુદાં જુદાં પ્રકારનાં દર્દોને દૂર કરે છે. અંજીર ખાધા પછી કોઈ બીજી દવાની જરૂર રહેતી નથી, અને અંજીર જન્નતના મેવાઓથી સૌથી વધારે મળતું આવે છે.”

બીજી હદીસમાં ફરમાવ્યું કે, “અંજીર મોટા આંતરડાના દર્દને ફાયદો પહોંચાડે છે.”

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “અંજીર ખાવાથી સૂકાયેલું મળ નરમ થઈ જાય છે, અને ગેસ અને મોટા આંતરડાના દર્દમાં ફાયદો પહોંચાડે છે.”

આમ પણ ફરમાવ્યું કે, “દિવસે ખાઓ તો વધારે ખાઓ, અને રાત્રે ખાઓ તો ઓછું ખાઓ.”

નકલ કરવામાં આવ્યું છે કે, “અંજીર દુઝતા મસા અને પગની આંગળીઓના દર્દને દૂર કરે છે, અને જાતીયશકિતમાં વધારો કરે છે.”

ઝિયાદ કંદીથી નકલ કરવામાં આવ્યું છે કે, “હું હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ની સેવામાં ગયો. મેં જોયું કે હઝરત (અ.)ની પાસે એક વાસણ પાણીથી ભરેલું રાખેલું છે કે જેમાં આલૂબુખારાનાં ફળ પડેલાં છે. ફરમાવવા લાગ્યા કે, “મને તાવ આવી ગયો છે. તાજાં આલૂબુખારા તાવને ઓછો અને કફને દૂર કરે છે, અને સૂકાયેલાં આલૂબુખારા લોહીના દબાણને શાંત કરે છે, અને દરેક પ્રકારના દર્દને શરીરમાંથી બહાર કાઢે છે.””

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ કોઈ વ્યકિતને પૂછયું કે, “તમારા તબીબ તુરંજ (મોટાં લીંબુ) વિષે શું કહે છે?” એણે અરજ કરી કે, “તેઓ કહે છે કે, જમ્યા પહેલાં ખાવું જોઈએ.” ફરમાવ્યું, “હું એમ કહું છું કે ખાધા પછી ખાધા કરો.”

બીજી હદીસમાં ફરમાવ્યું કે, “તુરંજ ખાઓ,

કેમ કે તેને આલે મોહંમદ (અ.) ખાતા રહ્યા છે.” એમ પણ ફરમાવ્યું કે, “કોરી રોટી તુરંજને પચાવી દે છે.”

હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “હઝરત રસૂલે ખુદા (સ.)ને લીલા તુરંજને અને લાલ સફરજનને જોવું વધારે પસંદ હતું.”

કેટલીક હદીસમાં કિસમિસ (સૂકી દ્રાક્ષ)ની પણ પ્રશંસા કરવામાં આવી છે.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “સંજદ (એક પ્રકારનો મેવો કે જે ઉન્નાબ (જંગલી બોર)ને મળતો આવે છે) કે જેના માવાથી ગોશ્ત પેદા થાય છે, તેની છાલથી ચામડી અને તેના ઠળિયાથી હડ્ડી. સંજદનું ખાવું મૂત્રપિંડને નરમ કરે છે, પેટને સાફ કરે છે, અને તે દુઝતા મસા માટે ફાયદાકારક છે. અને પેશાબ કે જે વારંવાર ટીપે ટીપે આવતો હોય, તેને ફાયદો પહોંચાડે છે, અને પિંડલીઓને શકિત પહોંચાડે છે, અને બાલખોરા (એક પ્રકારની વાળ ખરવાની બીમારી)ને દૂર કરે છે.”

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “શકકરટેટી ખાઓ, કેમ કે એમાં ઘણા ફાયદા છે. એક તો એમાં કોઈ પ્રકારની ખરાબી કે બીમારી નથી. તે ઉપરાંત તે ખાવાની વસ્તુ પણ છે અને પીવાની પણ. મેવાનો મેવો અને ફૂલનું ફૂલ. સુગંધીની વસ્તુ પણ છે. મોઢાને પણ સાફ કરે છે. રોટલી સાથે પણ ખાવાની વસ્તુ છે. જાતીયશકિતમાં વધારો કરે છે. પેશાબની કોથળી (મૂત્રાશય)ને સાફ કરે છે, અને પેશાબ વધારે લાવે છે, અને પેશાબની પથરીનાં રજકણોને દૂર કરે છે.”

હઝરત ઈમામ અલી રઝા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “ભૂખ્યા પેટે શકકરટેટી ખાવાથી લકવો પેદા થાય છે, અને હઝરત રસૂલે ખુદા (સ.)ને શકકરટેટીની સાથે તાજી ખજૂર ખાવાનું પસંદ હતું, અને કદી કદી સાકર અને ખાંડ સાથે ખાઈ લેતા હતા.”

મોઅતબર સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જ્યારે હઝરત રસૂલલ્લાહ (સ.) નવો મેવો જોતા હતા, તો તેને બોસો આપતા હતા, અને બન્ને આંખોથી લગાવતા હતા, અને આવું ફરમાવતા હતા:

اَللّٰهُمَّ كَمَا اَرَيْتَنَا اَوَّلَهَا فِيْ عَافِيَةٍ فَاَرِنَا اٰخِرَهَا فِيْ عَافِيَةٍ

(અય અલ્લાહ! જેવી રીતે તેં તેની શરૂઆત અમને સલામતીના જમાનામાં બતાવી છે, એવી જ રીતે તેનો અંત પણ અમને સલામતીના જમાનામાં દેખાડજે.)”

બીજી હદીસમાં હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જે વ્યકિત કોઈ મેવો ખાય અને ખાધા પહેલાં બિસ્મિલ્લાહ કહી દે, તો તે તેને નુકસાન પહોંચાડશે નહીં.” (ક્રમશ:)

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર          અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

**વિભાગ–૧**

**ઈસ્લામનો પયગામ**

## પ્રકરણ ૪: ઈસ્લામી રૂહાનિયત (Spirituality) અને વિચારધારા (Thought)

ઈસ્લામ માત્ર એક ધર્મ નથી, પરંતુ એક વિશાળ સભ્યતાનો પાયો પણ છે કે જે એટલાન્ટિકથી લઈને પેસિફિક સુધી ફેલાયેલી છે, અને જે અનેક વંશીય જૂથોના જીવનને આવરી લે છે, જેમાં અરબ, પર્શિયન, હિન્દુસ્તાની, પાકિસ્તાની, મલય, ચીની, હબશી, તુર્કી અને બીજા ઘણા લોકો શામિલ છે. આ મહાન સભ્યતાએ અનેક રૂહાની ચળવળો, વિચારધારાઓ (Schools of thought), વિજ્ઞાનો, તેમ જ ધર્મશાસ્ત્ર (Theology) અને ફિલૉસૉફીને જન્મ આપ્યો છે; બૌદ્ધિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં તેની પરંપરા દુનિયાની તમામ મહાન સભ્યતાઓમાં સૌથી વધારે સમૃદ્ધ છે. દીને ઈસ્લામની વિચારજગત ઉપર પડેલી અસરને, તેમ જ દીને ઈસ્લામ અને કુરઆની વહીની માટીમાંથી વિકસેલા ઝાડના બૌદ્ધિક ફળને સંપૂર્ણરીતે સમજવા માટે આ વિવિધ વિચારધારાઓ તરફ ધ્યાન આપવું આવશ્યક છે. એ સમજવું જરૂરી છે કે સદીઓથી મહાન મુસ્લિમ ચિંતકોએ દરેક પેઢીને એવાં માધ્યમો પૂરાં પાડ્યાં છે કે જેના વડે તેઓ વિચારી શકે, પોતાની આસપાસની દુનિયાનો સામનો કરી શકે, અને દીની મસઅલાઓ તેમ જ આ દુનિયાને લગતી સમસ્યાઓ બન્નેનું —કુરઆન અને હદીસના ઉપદેશોની રોશનીમાં— નિરાકરણ લાવી શકે.

### ઈસ્લામી રૂહાનિયત

ઈસ્લામી રૂહાનિયતની વાત કરીએ તો, ચોકકસપણે તે સીધી કુરઆન અને રસૂલલ્લાહ (સ.) ની સુન્નતમાંથી જ ઉદ્ભવે છે. તે કલામે ઈલાહી (કુરઆન)ની આયતોના બાતિની અર્થ ઉપર, અને રસૂલલ્લાહ (સ.)ની એ સુન્નતો ઉપર આધારિત છે કે જે આપ (સ.)ના જીવનનાં બાતિની પાસાં સાથે સંબંધિત છે. ઈસ્લામી ઈતિહાસ દરમિયાન, ઈસ્લામી પરંપરાના આ પાસાને અલ્લાહ તરફનો માર્ગ અથવા 'અત્તરીકતુ ઈલલ્લાહ' (اَلطَّرِيقَةُ اِلَى الله) તરીકે અને પાછળથી બીજી ઈસ્લામી સદીમાં

સૂફીવાદ (તસવ્વુફ)ના નામથી ઓળખવામાં આવ્યું. જો કે, સુગઠિત સૂફી સિલસિલાઓની બહાર પણ ઈસ્લામનું આ રૂહાની પાસું વિવિધ સ્વરૂપોમાં જોવા મળે જ છે. અલ્લાહ તરફનો માર્ગ ખુદ અલ્લાહ દ્વારા જ બનાવવામાં આવ્યો છે, કે જેથી એવા ઈન્સાનો કે જેઓ શરીઅત પર અમલ કરતા હોય અને ઈતાઅતગુઝાર મુસલમાનો હોય, પરંતુ સાથેસાથે જો તેઓ બાતિની સદ્ગુણોને વિકસાવવા ઈચ્છતા હોય, દીન પર સંપૂર્ણ ગહેરાઈની સાથે અમલ કરવા માંગતા હોય, અને રસૂલલ્લાહ (સ.) ની સુન્નતોને તેમ જ પોતાના ઈમાનના બાતિની અર્થને સંપૂર્ણપણે અનુરૂપ થવા માંગતા હોય, તો તેઓ તેમ કરી શકે.

દીને ઈસ્લામને ઘણી વાર અલ–ઈસ્લામ, અલ–ઈમાન અને અલ–એહસાન (જેવી હકીકતો) માં વિભાજિત કરવામાં આવે છે. અલ–એહસાન અથવા તો સદ્ગુણ, કે જેનો એક અર્થ ‘નફસની સુંદરતા’ પણ છે, અને હકીકતમાં એ જ તરીકતનો મૂળ ઉદ્દેશ છે, એટલા જ માટે સદીઓથી આ માર્ગની પૈરવી કરનારાઓએ ‘એહસાન’ કેળવવાની કોશિશ કરી છે. અલબત્ત, દરેક જમાનામાં કેટલાક એવા લોકો પણ રહ્યા છે કે જેમણે આ માર્ગ પર ચાલવાનો દાવો તો કર્યો છે, પરંતુ તેઓ હકીકી માર્ગથી — એટલે કે રસૂલલ્લાહ (સ.)ની સુન્નતથી અને કુરઆનના ઉપદેશોથી — ભટકી ગયા છે. જો કે, આવા લોકોની તુલનામાં એવા સૂફીઓની સંખ્યા ઘણી વધારે છે કે જેઓ ઈસ્લામના મૂળભૂત ઉપદેશો પ્રત્યે ઈમાનદાર રહ્યા છે, અને જેમણે ઈસ્લામી ઈતિહાસમાં કેન્દ્રીય ભૂમિકા નિભાવી છે, ખાસ કરીને એટલા માટે કે તેમણે પોતાની જાતને ઈસ્લામી વહીના મૂળ સ્ત્રોતોથી જોડેલી રાખી છે.

ઈસ્લામી ઈતિહાસમાં તુરુક (‘તરીકત’નું બહુવચન)ના મહત્ત્વને ઓછું ન આંકી શકાય. સદીઓથી ઈસ્લામી સમાજનો આંતરિક જીર્ણોદ્ધાર સામાન્ય રીતે તરીકત પર ચાલનાર લોકો — જેમ કે શેખ અબ્દુલ કાદિર જીલાની અથવા અબૂ હામિદ મોહંમદ ગઝ્ઝાલી અથવા પાછળથી હિન્દુસ્તાનમાં શેખ અહમદ સરહિન્દી જેવા મહાન સૂફીઓ અને બીજા ઘણા સૂફીઓ — દ્વારા કરવામાં આવ્યો છે. એટલે સુધી કે હંબલી ફકીહ અને સુધારક ઈબ્ને તૈમિય્યા પણ કાદરીયા સિલસિલાના સભ્ય હતા. તરીકતના માર્ગ પર ચાલનારાઓએ ઈસ્લામના પ્રસારમાં પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. ઈસ્લામ પર્શિયનોમાં તેમ જ આખા ઉત્તર આફ્રિકામાં અને સ્પેનમાં અરબ સેનાઓ દ્વારા ફેલાયો હતો. જો કે, તે પર્શિયાથી પૂર્વ તરફ વિશાળ ભારતીય ઉપખંડમાં — જેમાં આજના પાકિસ્તાન, ભારત અને બાંગ્લાદેશનો સમાવેશ થાય છે — તેમ જ વધુ પૂર્વ તરફ ચીન અને ઈન્ડોનેશિયા–મલેશિયામાં, અરબ સેનાઓ દ્વારા નહોતો ફેલાયો, પરંતુ સૂફીઓના તરીકાઓ વડે ફેલાયો હતો કે જેઓ ખૂબ જ

પરહેઝગાર હતા. તેઓ આ ભૂમિઓમાં ઈસ્લામ લઈને આવ્યા, અને પોતાના અમલ વડે તેનું શિક્ષણ આપ્યું. એ જ રીતે, પાછલી સદીમાં અને આ સદી દરમિયાન આપણે પોતાની આંખોની સામે જોઈ રહ્યા છીએ કે આફ્રિકાના અશ્વેત લોકોમાં, ખાસ કરીને પશ્ચિમ આફ્રિકામાં સેનેગલ જેવા દેશમાં, મોટાભાગે તિજાનીયા અને કાદરીયા સિલસિલાઓ દ્વારા ઈસ્લામનો ફેલાવો થયો છે. આ જ બાબત તુર્કો માટે પણ કહી શકાય, જેમણે સૌપ્રથમ તસવ્વુફના પ્રભાવમાં આવી ઈસ્લામ કબૂલ કર્યો હતો; યુનૂસ એમ્રે જેવા તેમના શરૂઆતના મહાન સૂફી શાયરો પ્રખ્યાત સૂફીઓ પણ હતા, જેમણે તુર્કીભાષી લોકોમાં ઈસ્લામના બાતિની ઉપદેશોને ફેલાવ્યા. વધુમાં, તરીકતના આ સિલસિલાઓએ ઉસ્માની સામ્રાજ્યના સમગ્ર ઈતિહાસ દરમિયાન જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પણ ખૂબ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી

તરીકત પર ચાલનારાઓએ ઈસ્લામના તાર્કિક બચાવમાં પણ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, કારણ કે તેઓ ઈસ્લામી પરંપરાની સૌથી સર્વોચ્ચ રૂહાની હકીકતો સુધી પહોંચવામાં સક્ષમ હતા. સમગ્ર ઈસ્લામી ઈતિહાસમાં આપણને એવા ઘણા કિસ્સાઓ જોવા મળે છે કે જેમાં તરીકત પર ચાલનારાઓ એટલે કે સૂફીઓને ઈમાનના અકાઈદનો બચાવ કરવો પડ્યો હતો. પૂર્વના મશહૂર ઈસ્લામી ફિલૉસૉફરો જેવા કે ફારાબી અને ઈબ્ને સીના, તેમ જ સ્પેનના ફિલૉસૉફરો જેવા કે ઈબ્ને મસર્રા, ઈબ્ને બાજ્જા અને ઈબ્ને તુફૈલ, આ બધા પણ તસવ્વુફ તરફ આકર્ષિત થયા હતા. એ જ રીતે ઈસ્લામી જગતના કેટલાક મહાન વૈજ્ઞાનિકો પણ તસવ્વુફ તરફ આકર્ષિત થયા હતા અથવા સૂફી સિલસિલાઓના સભ્યો હતા, જેમ કે નસીરુદ્દીન તૂસી અને ઈબ્ને બન્ના મર્રાકુશી.

આ જ રીતે, કળા જગતમાં પણ તરીકતના માર્ગ પર ચાલનારાઓની ભૂમિકા જાણીતી છે, જેમાં ખૂશખતી (Calligraphy)થી લઈને સ્થાપત્યકળા (Architecture), શાયરી અને સાહિત્ય સુધીની તમામ પ્રકારની કળાઓ શામિલ છે. અરબી અને ફારસી બન્ને ભાષાના સાહિત્યની સૌથી વધુ વિશ્વવ્યાપી કૃતિઓ સૂફી શાયરો દ્વારા રચવામાં આવી છે, અને ઈસ્લામી ઈતિહાસમાં સૌથી સુંદર ખૂશખતી એવા ખૂશખતી કરનારાઓ દ્વારા કરવામાં આવી છે કે જેઓ તસવ્વુફથી જોડાયેલા હતા. અંતમાં, ઈસ્લામના અન્ય ધર્મો સાથેના ટકરાવમાં પણ, પછી ભલે તે ઈસ્લામના પશ્ચિમી પ્રદેશોમાં ઈસાઈ અને યહૂદી ધર્મ સાથે હોય, કે પૂર્વમાં બૌદ્ધ, હિન્દુ અને પારસી ધર્મ સાથે હોય, આ ધર્મોની સામે મોટાભાગે સૂફી ચિંતકોએ જ ઈસ્લામી પ્રતિભાવ આપ્યો હતો, અને સમજણના સેતુઓની રચના કરવાનો પ્રયાસ કર્યો હતો. ઈસ્લામની મૂળભૂત સીમાઓની બહારના વિસ્તારોમાં ઈસ્લામી પરંપરાનું સંરક્ષણ અને ઈસ્લામનો પ્રસાર, બન્નેમાં તેમણે પાયાની ભૂમિકા નિભાવી હતી. (ક્રમશઃ)

- OFFLINE MODE
- LOCAL DATA SECURITY

POS365

# OFFLINE



## RESTAURANT BILLING SOFTWARE

- ઈન્ટરનેટ વગર પણ બિલિંગ ચાલુ
- રેસ્ટોરન્ટ માટે સરળ ઉપયોગ
- ડેટા સંપૂર્ણ સુરક્ષિત
- ગ્રાહકો માટે ઝડપી સર્વિસ
- ઝડપી KOT અને Billing
- હોટેલ અને કેફે માટે યોગ્ય

**₹ 7000/ Year : No Hidden Charges**

+91 70161 63056

Try Offline POS Demo

info@hotel363.io





# ઈબાદાત

## માહે સફરુલ મુઝફ્ફરના આમાલ

આ મહીનો પોતાની નહૂસત (અપશુકન) માટે મશહૂર છે, તેથી આ નહૂસતને દૂર કરવા સદકો આપવો, દુઆઓ માગવી, અને અલ્લાહથી પનાહ માગવી જોઈએ. તેમ જ બલાઓથી મહેફૂઝ રહેવા નીચે આપેલી દુઆ દરરોજ દસ વખત પઢવી જોઈએ:

يَا شَدِيْدَ الْقُوٰى وَيَا شَدِيْدَ الْمِحَالِ يَا عَزِيْزُ يَا عَزِيْزُ ذَلَّتْ بِعَظَمَتِكَ جَمِيْعُ خَلْقِكَ فَاكْفِنِىْ شَرَّ خَلْقِكَ

يَا مُحْسِنُ يَا مُجْمِلُ يَا مُنْعِمُ يَا مُفْضِلُ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحَانَكَ اِنِّىْ كُنْتُ مِنَ الظَّالِمِيْنَ فَاسْتَجَبْنَا لَهٗ

وَنَجَّيْنَاهُ مِنَ الْغَمِّ وَكَذٰلِكَ نُنْجِى الْمُؤْمِنِيْنَ وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ

**ત્રીજી સફરના આમાલ:**

આ દિવસે બે રકાત નમાઝ અદા કરવી મુસ્તહબ છે.

- પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ફત્હ.
- બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ.
- નમાઝ પૂરી કરીને સલામ પછી એકસો વખત સલવાત અને ૧૦૦ વખત આ મુજબ ઝિક્ર:

اَللّٰهُمَّ الْعَنْ اٰلَ اَبِىْ سُفْيَانَ

*(અય અલ્લાહ! અબૂ સુફયાનની આલ ઉપર લાનત મોકલ.)*

તેના પછી ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર એટલે કે,

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّىْ وَاَتُوْبُ اِلَيْهِ

પઢ્યા પછી પોતાની હાજત માગવી.

**વીસમી સફર (ચહેલુમ)ના આમાલ:**

ઈમામ જાફર સાદિક (અ.)એ ઝિયારતે અર્બઈન (ચહેલુમની ઝિયારત)ના બારામાં ફરમાવ્યું કે જ્યારે સૂર્ય ઊંચે ચઢે, ત્યારે ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરો અને આ પ્રમાણે પઢો:

اَلسَّلَامُ عَلٰى وَلِيِّ اللّٰهِ وَحَبِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى خَلِيْلِ اللّٰهِ وَنَجِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى صَفِيِّ اللّٰهِ وَابْنِ صَفِيِّهٖ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ الْمَظْلُوْمِ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلٰى اَسِيْرِ الْكُرُبَاتِ وَقَتِيْلِ الْعَبَرَاتِ، اَللّٰهُمَّ اِنِّيْ اَشْهَدُ اَنَّهٗ وَلِيُّكَ وَابْنُ وَلِيِّكَ وَصَفِيُّكَ وَابْنُ صَفِيِّكَ الْفَآئِزُ بِكَرَامَتِكَ، اَكْرَمْتَهٗ بِالشَّهَادَةِ وَحَبَوْتَهٗ بِالسَّعَادَةِ، وَاجْتَبَيْتَهٗ بِطِيْبِ الْوِلَادَةِ، وَجَعَلْتَهٗ سَيِّدًا مِّنَ السَّادَةِ، وَقَآئِدًا مِّنَ الْقَادَةِ، وَذَآئِدًا مِّنَ الذَّادَةِ، وَاَعْطَيْتَهٗ مَوَارِيْثَ الْاَنْبِيَآءِ، وَجَعَلْتَهٗ حُجَّةً عَلٰى خَلْقِكَ مِنَ الْاَوْصِيَآءِ، فَاَعْذَرَ فِي الدُّعَآءِ وَمَنَحَ النُّصْحَ، وَبَذَلَ مُهْجَتَهٗ فِيْكَ لِيَسْتَنْقِذَ عِبَادَكَ مِنَ الْجَهَالَةِ وَحَيْرَةِ الضَّلَالَةِ، وَقَدْ تَوَازَرَ عَلَيْهِ مَنْ غَرَّتْهُ الدُّنْيَا، وَبَاعَ حَظَّهٗ بِالْاَرْذَلِ الْاَدْنٰى، وَشَرٰى اٰخِرَتَهٗ بِالثَّمَنِ الْاَوْكَسِ، وَتَغَطْرَسَ وَتَرَدّٰى فِيْ هَوَاهُ، وَاَسْخَطَكَ وَاَسْخَطَ نَبِيَّكَ، وَاَطَاعَ مِنْ عِبَادِكَ اَهْلَ الشِّقَاقِ وَالنِّفَاقِ وَحَمَلَةَ الْاَوْزَارِ الْمُسْتَوْجِبِيْنَ النَّارَ، فَجَاهَدَهُمْ فِيْكَ صَابِرًا مُّحْتَسِبًا حَتّٰى سُفِكَ فِيْ طَاعَتِكَ دَمُهٗ وَاسْتُبِيْحَ حَرِيْمُهٗ، اَللّٰهُمَّ فَالْعَنْهُمْ لَعْنًا وَّبِيْلًا وَّعَذِّبْهُمْ عَذَابًا اَلِيْمًا، اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ رَسُوْلِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ سَيِّدِ الْاَوْصِيَآءِ، اَشْهَدُ اَنَّكَ اَمِيْنُ اللّٰهِ وَابْنُ اَمِيْنِهٖ، عِشْتَ سَعِيْدًا وَّمَضَيْتَ حَمِيْدًا وَّمُتَّ فَقِيْدًا مَّظْلُوْمًا شَهِيْدًا، وَّاَشْهَدُ اَنَّ اللّٰهَ مُنْجِزٌ مَّا وَعَدَكَ، وَمُهْلِكٌ مَّنْ خَذَلَكَ، وَمُعَذِّبٌ مَّنْ قَتَلَكَ، وَاَشْهَدُ اَنَّكَ وَفَيْتَ بِعَهْدِ اللّٰهِ وَجَاهَدْتَ فِيْ سَبِيْلِهٖ حَتّٰى اَتٰىكَ الْيَقِيْنُ، فَلَعَنَ اللّٰهُ مَنْ قَتَلَكَ، وَلَعَنَ اللّٰهُ مَنْ ظَلَمَكَ، وَلَعَنَ اللّٰهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ فَرَضِيَتْ بِهٖ، اَللّٰهُمَّ اِنِّيْ اُشْهِدُكَ اَنِّيْ وَلِيٌّ لِّمَنْ وَّالَاهُ وَعَدُوٌّ لِّمَنْ عَادَاهُ بِاَبِيْ اَنْتَ وَاُمِّيْ يَا بْنَ رَسُوْلِ اللّٰهِ، اَشْهَدُ اَنَّكَ كُنْتَ نُوْرًا فِي الْاَصْلَابِ الشَّامِخَةِ وَالْاَرْحَامِ الْمُطَهَّرَةِ، لَمْ تُنَجِّسْكَ الْجَاهِلِيَّةُ بِاَنْجَاسِهَا وَلَمْ تُلْبِسْكَ الْمُدْلَهِمَّاتُ مِنْ ثِيَابِهَا، وَاَشْهَدُ اَنَّكَ مِنْ دَعَآئِمِ الدِّيْنِ وَاَرْكَانِ الْمُسْلِمِيْنَ وَمَعْقِلِ الْمُؤْمِنِيْنَ، وَاَشْهَدُ اَنَّكَ الْاِمَامُ الْبَرُّ التَّقِيُّ الرَّضِيُّ الزَّكِيُّ الْهَادِي الْمَهْدِيُّ، وَاَشْهَدُ اَنَّ الْاَئِمَّةَ مِنْ وُّلْدِكَ كَلِمَةُ التَّقْوٰى وَاَعْلَامُ الْهُدٰى وَالْعُرْوَةُ الْوُثْقٰى، وَالْحُجَّةُ عَلٰى اَهْلِ الدُّنْيَا، وَاَشْهَدُ اَنِّيْ بِكُمْ مُّؤْمِنٌ وَّبِاِيَابِكُمْ، مُّوْقِنٌ بِشَرَآئِعِ دِيْنِيْ وَخَوَاتِيْمِ عَمَلِيْ، وَقَلْبِيْ لِقَلْبِكُمْ سِلْمٌ وَّاَمْرِيْ لِاَمْرِكُمْ مُّتَّبِعٌ وَّنُصْرَتِيْ لَكُمْ مُّعَدَّةٌ حَتّٰى يَاْذَنَ اللّٰهُ لَكُمْ، فَمَعَكُمْ مَّعَكُمْ لَا مَعَ عَدُوِّكُمْ صَلَوَاتُ اللّٰهِ عَلَيْكُمْ وَعَلٰى اَرْوَاحِكُمْ وَاَجْسَادِكُمْ وَشَاهِدِكُمْ وَغَآئِبِكُمْ وَظَاهِرِكُمْ وَبَاطِنِكُمْ اٰمِيْنَ يَا رَبَّ الْعَالَمِيْنَ

પછી બે રકાત નમાઝ અને જે ચાહો તે દુઆ માગો.

# હઝરત અકીલ (અ.)ના ફરઝંદો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

## હઝરત અકીલ (અ.)

રસૂલલ્લાહ (સ.) અને મૌલા અલી (અ.)ના સહાબી.

જંગે હુનૈનમાં જ્યારે મુસલમાનો રસૂલલ્લાહ (સ.)ને છોડીને ભાગી ગયા હતા, ત્યારે જે મુસલમાનો રસૂલલ્લાહ (સ.)ના બચાવમાં આપ (સ.)ની પાસે હતા, તેમાંથી એક હઝરત અકીલ (અ.) પણ હતા.[1] હઝરત અબૂ તાલિબ (અ.)ને ચાર ફરઝંદો હતા: હઝરત અકીલ (અ.), હઝરત તાલિબ (અ.), હઝરત જાફર (અ.), અને મૌલા અલી (અ.). આ બધા ભાઈઓ વચ્ચે ૧૦–૧૦ વર્ષનું અંતર હતું, અને મૌલા અલી (અ.) તેમાંથી સૌથી નાના હતા.[2] એક વખતે મૌલા અલી (અ.) એ રસૂલલ્લાહ (સ.)ને પૂછ્યું કે, "શું આપ અકીલથી મોહબ્બત કરો છો?" તો આપ (સ.)એ ફરમાવ્યું કે, "હા, અલ્લાહની કસમ, હું તેમને બેવડી મોહબ્બત કરું છું. એક, તેમના પ્રત્યે મારી મોહબ્બત તો છે જ, અને બીજું, અબૂ તાલિબ (અ.)ની તેમના પ્રત્યેની મોહબ્બતના કારણે. અને તેમના ફરઝંદ મારા ફરઝંદની મોહબ્બતમાં કતલ થશે."[3] હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)ની પાસે મુખ્તાર ઈબ્ને અબી ઉબૈદા સકફીએ જે માલ મોકલ્યો હતો, તેનાથી 'દાર અકીલ બિન અબી તાલિબ' બનાવ્યું હતું.[4]

મૌલા અલી (અ.)ની શહાદત પછી એક વાર હઝરત અકીલ (અ.) મુઆવિયાની પાસે ગયા, તો મુઆવિયાએ આપ (અ.)ને મૌલા અલી (અ.) ને — નઊઝોબિલ્લાહ — લાનત કરવાનું કહ્યું, તો આપ (અ.) મિમ્બર પર ગયા અને અલ્લાહની હમ્દોસના કર્યા પછી ફરમાવ્યું કે, "અમીરુલ મોમિનીન (મુઆવિયા)એ મને અલી (અ.) પર લાનત કરવાનો હુકમ કર્યો છે, તો તમે બધા તેના પર લાનત કરો અને તેના પર અલ્લાહની, ફરિશ્તાઓની અને બધા લોકોની લાનત થાય." પછી મિમ્બર પરથી ઊતરી ગયા. આ જોઈને મુઆવિયાએ કહ્યું કે, "અય અકીલ! તમે કંઈ સ્પષ્ટ ન કર્યું. શું તેનાથી મુરાદ હું તો નથી ને?" હઝરત અકીલ (અ.)એ કહ્યું કે, "મેં એક શબ્દનો પણ વધારો કર્યો નથી, અને વાક્યનો અર્થ કહેનારની નિય્યત પર જશે."[5]

1 તારીખે દમિશ્ક, જિલ્દ–૪૧, સફ્હા–૧૫
2 અલ–ખિસાલ, સફ્હા–૧૮૧, હદીસ–૨૪૭
3 અલ–અમાલી (શૈખ સદૂક), સફ્હા–૭૮
4 મુઅજમ રિજાલ અલ–હદીસ, જિલ્દ–૧૨, સફ્હા–૧૭૬
5 અલ–ઈકદ અલ–ફરીદ, જિલ્દ–૪, સફ્હા–૨૯

અહીંયાં હઝરત અકીલ (અ.)ની અરબી ભાષાની બારીકાઈ દેખાય છે. અહીંયાં 'તમે બધા તેના પર લાનત કરો' વાક્યમાં કંઈ સ્પષ્ટતા નથી કે 'તેના' શબ્દથી મુરાદ કોણ છે? સીધી વાત છે કે આ વાક્યમાં સ્પષ્ટતા ન કરવાથી હઝરત અકીલ (અ.) ના જીવની સુરક્ષા પણ થઈ જાય છે, અને મૌલા અલી (અ.) પર લાનત પણ થતી નથી, અને આ બધી જ લાનત મુઆવિયા પર જાય છે.

આ શબ્દોના ઉપયોગ પછી શીઆઓને જ્યારે પણ મુઆવિયાનો કોઈ સિપાહી અથવા મુઆવિયા પોતે લાનત કરવા માટે કહેતો, તો બધા શીઆઓ આ જ શબ્દમાં લાનત અને અપશબ્દો કહેતા, અને તેમની બધી જ લાનત મુઆવિયા અને તેના સાથીઓ પર થતી.[1]

હઝરત અકીલ (અ.) કુરૈશના નસબને સારી રીતે જાણતા હતા અને તેમના ઈતિહાસથી પણ માહિતગાર હતા.[2] એટલા જ માટે મૌલા અલી (અ.)એ હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)ની વફાત પછી હઝરત અકીલ (અ.)ને જ અરબોના બહેતરીન કબીલાની બહેતરીન સ્ત્રી શોધી આપવા અને તેમનાથી નિકાહ કરાવવા માટેનું કામ સોંપ્યું હતું, અને આપ (અ.)એ જ હઝરત ફાતેમા બિન્તે અસદ (અ.)નો મશ્વેરો આપ્યો હતો.

હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.) હઝરત અકીલ (અ.)ની ઓલાદ પ્રત્યે ખાસ મોહબ્બત જાહેર કરતા હતા, એટલા માટે એક વખતે આપ (અ.)ને પૂછવામાં આવ્યું કે, "શા માટે આપ (અ.) પોતાના આ કાકાના દીકરાઓ પર હઝરત જાફરે તય્યાર (અ.)ના દીકરાઓ કરતાં વધારે ઝુકાવ રાખો છો?" તો આપ (અ.)એ જવાબ આપ્યો કે, "હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.)ની સાથેના તેમના દિવસો મને યાદ આવે છે, તો તેમના પ્રત્યે હમદર્દી થઈ જાય છે."[3]

આ જ હઝરત અકીલ (અ.)ના ફરઝંદો ઈમામ હુસૈન (અ.) પર કરબલાના મેદાનમાં શહીદ થયા હતા.

1 બિહારુલ અન્વાર, જિલ્દ–૩૩, સફહા–૨૪૪
2 શર્હે નહ્જુલ બલાગા (ઈબ્ને અબિલ હદીદ), જિલ્દ–૧૧, સફહા–૨૫૦૪
3 કામિલ અલ–ઝિયારાત, સફહા–૨૧૪, હદીસ–૩૦૭; બિહારુલ અન્વાર, જિલ્દ–૪૬, સફહા–૧૧૦


**લગ્ન-વિષયક**

**અક્બરઅલી આબિદઅલી કલુસીયા**



ઉંમર : ૨૩ વર્ષ

ગામ : બાદરપુર

વ્યવસાય : હોટલ મેનેજર

પિતાનો વ્યવસાય : ગેરેજ

નોંધ : બોલી-સાંભળી શકતા નથી.
લગ્ન માટે મોમિના બહેનની જરૂર છે.

સંપર્ક
આબિદઅલી કમાલભાઈ કલુસીયા
મો.૯૧૦૬૨ ૩૭૪૨૯
અક્બરઅલી કમાલભાઈ કલુસીયા
મો.૮૮૬૬૮ ૭૯૬૮૫

# આપણા ઘરની વાતો

**અભિનંદન...**



કનાઈનિવાસી **મો.અઝમતફાતેમા અસ્ગરઅલી ખણુસિયા**એ એલ. જે. યુનિવર્સિટી, અમદાવાદ ખાતેથી MBAમાં 09.35 CGPA ફર્સ્ટ ક્લાસ ડિસ્ટ્રીક્શન સાથે ડિગ્રી પ્રાપ્ત કરી છે. આ શૈક્ષણિક સિદ્ધિ બદલ જાફરી આવાઝ પરિવાર તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવે છે.

---

**ઈન્નાલિલ્લાહે...**



કનાઈનિવાસી **મર્હૂમા મો.હલીમાબેન સુલેમાનભાઈ લોઢા** મુ.તા. ૦૭, ઝિલ્હજ-૧૪૪૭ તા.૨૫/૦૫/૨૦૨૬ને સોમવારના રોજ ૯૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.⟶



⟵ કેસીમ્પાનિવાસી **મર્હૂમ મો.ગુલામહુસૈન નૂરાભાઈ શેરસીયા (સહયોગવાળા)** મુ.તા. ૨૮, ઝિલ્કાદ, ૧૪૪૭ તા. ૧૬/૦૫/૨૦૨૬ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કનાઈનિવાસી **મર્હૂમ મો.નૂરભાઈ અમદાભાઈ પટેલ** મુ.તા. ૨૩, ઝિલ્હજ-૧૪૪૭ તા.૧૦/૦૬/૨૦૨૬ને બુધવારના રોજ ૯૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.



# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

**મર્હૂમા મો.હલીમાબેન સુલેમાનભાઈ લોઢા (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.મુશ્તાકઅલી સુલેમાનભાઈ લોઢા

રૂા.૧૦૦૦/- મો.ઈમ્દાદઅલી સુલેમાનભાઈ લોઢા

રૂા.૧૦૦૦/- મો.કુલસૂમબેન ગુલામઅબ્બાસ કોવડીયા

રૂા.૧૦૦૦/- મો.સુગરાબેન આબિદઅલી બલોસપુરા

રૂા.૫૦૦/- મો.મંઝૂરઅલી ગુલામઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.મેઅરાજફાતેમા અબ્બાસઅલી બલોસપુરા (ઈલોલ પ.)

રૂા.૫૦૦/- મો.શાકેરાબેન મંઝૂરઅહમદ તાજપુરીયા (ઈલોલ ત.)

રૂા.૫૦૦/- મો.આમેનાબેન નઝરમોહંમદ દેધરોટીયા

રૂા.૫૦૦/- મો.મંઝૂરફાતેમા મહેરબાનઅલી લોઢા

રૂા.૨૦૦/- મો.ઊરીબેન શરીફભાઈ દાવડા (કાટવાડ)

રૂા.૫૦૧/- હમીદાફાતેમા મોહસિનઅલી મોમિન (કઠોર)તરફથી તેઓ ધો.૧૦માં 85.50% મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦૦/- મર્હૂમ મો.ગુલામહુસૈન નૂરાભાઈ શેરસીયા (સહયોગવાળા) (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.નૂરભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.મરયમબેન નૂરભાઈ પટેલ

રૂા.૧૦૦૦/- મો.ગુલામઅબ્બાસ નૂરભાઈ પટેલ

રૂા.૧૦૦૦/- મો.કમ્બરઅલી નૂરભાઈ પટેલ

રૂા.૫૦૦/- મો.ફાતેમાબેન કમ્બરઅલી પટેલ

રૂા.૧૦૦૦/- મો.ઈમ્દાદઅલી નુરભાઈ પટેલ

રૂા.૫૦૦/- મો.સાબેરાબેન ઈમ્દાદઅલી પટેલ

રૂા.૧૦૦૦/- મો.કુલસુમબેન ગુલામઅબ્બાસ મસી (મહેરપુરા)

રૂા.૫૦૦/- મો.નઝરમોહંમદ કમ્બરઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.શાકેરાબાનું નઝરમોહંમદ પટેલ

રૂા.૫૦૦/- મો.ઈસ્મતફાતેમા નઝરમોહંમદ પટેલ

રૂા.૫૦૦/- મો.મોહંમદહસન નઝરમોહંમદ પટેલ

રૂા.૫૦૦/- મો.મહદીહસન ઈમદાદઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.શાકેરાબેન મહદીહસન પટેલ

રૂા.૫૦૦/- મો.અતાહુસૈન મહદીહસન પટેલ

રૂા.૫૦૦/- મો.ફતેહઅલી ઈમદાદઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.મકબૂલફાતેમા ફતેહઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.અમીરાફાતેમા ફતેહઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.મોહંમદઔન ફતેહઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.હબીબાબેન હસનઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.એજાઝઅલી હસનઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.મંઝૂરઅલી ગુલામઅબ્બાસ પટેલ

રૂા.૫૦૦/- મો.ઝહરાબેન મંઝૂરઅલી પટેલ

રૂા.૨૦૦/- મો.ઈનાયતઅલી મંઝૂરઅલી પટેલ

રૂા.૨૦૦/- મો.તાહેરાફાતેમા ઈનાયતઅલી પટેલ

રૂા.૨૦૦/- મો.આતેકાફાતેમા ઈનાયતઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.નજમાબેન ગુલામઅબ્બાસ ખાણશીયા

રૂા.૫૦૦/- મો.શાકેરાબેન મોહંમદઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.શાકેરાબેન મહબૂબઅલી વિજાપુરા (મહેરપુરા)

રૂા.૫૦૦/- મો.તાહેરાબાનું મોહંમદઅલી પટેલ

રૂા.૫૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખાણશીયા

રૂા.૫૦૦/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ પટેલ

રૂા.૨૦૦/- મો.તાહેરાબેન આબિદઅલી ખાણશીયા

રૂા.૧૦૦૦/- મો.મંઝૂરઅલી ઈસ્માઈલભાઈ પટેલ



ઝકીયાફાતેમા હસનઅલી ખરોડીયા
વાલેદા: સકીનાફાતેમા (હરીપુરા)
ઉ.વ. ૩ રોઝા - ૨



સઈદઅહમદ શબ્બીરઅલી ખરોડીયા
વાલેદા: મેઅરાજફાતેમા (હરીપુરા)
ઉ.વ. ૪ રોઝા - ૩